# મૃત્યુ પછી આપણું શું થાય છે ?



– શ્રીરામ શર્મા આચાર્ય

# મૃત્યુ પછી આપણું શું થાય છે ?

લેખક :

**પં. શ્રી રામ શર્મા આચાર્ય**

પ્રકાશક :

યુગ નિર્માણ યોજના

ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૯, ૦૯૯૨૭૦૮૬૨૮૭

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન :

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૦૭૯-૨૭૫૫૩૨૫૨

સુધારેલી આવૃત્તિ ૨૦૦૯ કિંમત રૂ. ૯.૦૦

# ભૂમિકા

જીવ અમર છે, તેના મૃત્યુનો કોઈ જ પ્રશ્ન નથી. અવિનાશી આત્મા કાયમી છે, અને સદાયે રહેશે. શરીરના મૃત્યુને આપણે લોકો આપણું મૃત્યુ માનીએ છીએ, બસ એટલે જ ડરીએ છીએ અને ભયભીત થઈએ છીએ. જો અંતઃકરણને વિશ્વાસ થઈ જાય કે આજની જેમ આપણે આગળ પણ જીવતા રહેવાનું છે તો ડરવાની કોઈ વાત જ રહે નહીં.

મૃત્યુનો ભય બીજા બધા ભયથી વધુ બળવાન છે. એટલે જ માણસ મોતના ડરથી થરથર કાંપતો રહે છે. આનું કારણ પરલોક સંબંધી અજ્ઞાન છે. આ પુસ્તકમાં એ અજ્ઞાનને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે અને એવી જિજ્ઞાસા પૂરી કરવા પ્રયાસ કર્યો છે જેમાં મનુષ્ય પોતાના ભવિષ્ય અંગે જાણવા આતુર રહે છે.

પરલોક વિજ્ઞાન સંબંધી પ્રત્યક્ષ પ્રમાણ આપી સાબિત કરવું ઘણું અઘરું છે, કારણ કે આ વિષય પદાર્થ વિજ્ઞાનની પહોંચથી ઉપર છે. સર ઓલિવર લાજ જેવા પરલોક વિદ્યા વિશારદને આ વિદ્યા અંગે એમ કહેવું પડ્યું છે, "આ આત્મવિજ્ઞાનને દરેક વખતે પ્રત્યક્ષ કરી બતાવવું મુશ્કેલ છે." જે વાચકો માત્ર સ્થૂળ-ઈન્દ્રિયોને જ જ્ઞાનનું પરમ સાધન માને છે એમને પરલોક સંબંધી આ પુસ્તક કલ્પનાથી કંઈ વધારે નહીં લાગે, પરંતુ જેઓ દિવ્યદૃષ્ટા અને તત્ત્વજ્ઞાનીઓનાં વચનો ઉપર વિશ્વાસ કરે છે, એમના માટે આમાં વિશ્વાસ કરવા લાયક સામગ્રી છે, કેમ કે અનેક ઉચ્ચ આત્માઓના સંપર્કમાં રહી જે જ્ઞાન અમે મેળવ્યું છે એનો આમાં અર્ક છે.

- શ્રીરામ શર્મા આચાર્ય

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. મૃત્યુનું સ્વરૂપ | ૪ |
| ૨. પરલોક કેવો હોય છે ? | ૧૦ |
| ૩. સ્વર્ગ-નરક | ૧૩ |
| ૪. સ્વર્ગ | ૧૯ |
| ૫. પુનઃજન્મની તૈયારી | ૨૧ |
| ૬. ભૂત-પ્રેત | ૨૬ |
| ૭. મૃત્યુની તૈયારી | ૩૨ |
| ૮. ભૂત-પ્રેતનું નિવારણ | ૩૬ |

# મૃત્યુનું સ્વરૂપ

જીવનનો પ્રવાહ અનંત છે, આપણે અગણિત વર્ષોથી જીવીએ છીએ અને આગળ અગણિત વર્ષો સુધી જીવતા રહીશું. ભ્રમથી માણસ એમ સમજી બેઠો છે કે જે દિવસથી બાળક માતાના પેટમાં આવે છે યા ગર્ભથી ઉત્પન્ન થાય છે તે સમયથી જીવન શરૂ થાય છે અને જ્યારે હૃદયની ગતિ બંધ થવાથી શરીર નિર્જીવ બને છે ત્યારે મૃત્યુ થાય છે. આ ખૂબ જ ટૂંકો, અધૂરો અને અજ્ઞાનપૂર્ણ વિશ્વાસ છે. આધુનિક ભૌતિકવિજ્ઞાન એમ કહે છે જીવ એ કોઈ સત્તા નથી, શરીર એ જ જીવ છે. અને શરીરના મૃત્યુ બાદ આપણું કોઈ અસ્તિત્વ રહેતું નથી. પરંતુ બિચારૂં ભૌતિક વિજ્ઞાન પોતે જ અત્યારે બાલ્યાવસ્થામાં છે. વિદ્યુતની ગતિ અંગે આજ સુધી લગભગ સાડાત્રણ ડઝન સિદ્ધાંતોનું પ્રતિપાદન થઈ ચૂક્યું છે અને દરેક સિદ્ધાંત પોતાના અગાઉના મતનું ખંડન કરે છે. એમણે વીજળીનો ઉપયોગ કરે છે પણ ખરેખર આજસુધી એ પૂરેપુરું જાણી શકાયું નથી કે તેનું સંચાલન કઈ રીતે થાય છે.  રોજ નવી વિચારધારા બદલતા જડ વિજ્ઞાનનું ભૌતિક જગતમાં તો સ્વાગત થઈ શકે, પરંતુ જો તેને આધ્યાત્મિક વિષયમાં મહત્ત્વ મળ્યું તો સાચોસાચ આપણી મોટી દુર્ગતિનું કારણ બનશે, એક વૈજ્ઞાનિક કહે છે કે શરીર જ જીવ છે, બીજો મૃતાત્માના આશ્ચર્યજનક કરતૂતો અંગે પૂર્ણ રીતે પડકાર ફેંકે છે અને પોતાના પક્ષને પ્રમાણિત કરીને વિરોધીઓનું મોં બંધ કરી દે છે. ત્રીજા વૈજ્ઞાનિક પાસે એવા નક્કર પુરાવા છે કે જેમાં નાનાં નાનાં અબુધ બાળકોએ પોતાના પૂર્વજન્મોના સ્થાનો અને સંબંધીઓને એવી રીતે ઓળખી બતાવ્યાં છે કે જેથી પુનર્જન્મના વિષયમાં કોઈ શંકાને સ્થાન રહેતું નથી. બાળક જન્મ લેતાં જ દૂધ પીવા લાગે છે. જો પૂર્વ સ્મૃતિ ન હોત તો વગર શીખવાડે આ બધું કેવી રીતે શીખી જાત. ઘણાં બાળકોમાં ખૂબ નાનપણથી જ એવા અદ્‌ભૂત ગુણો જોવા મળે છે જે બતાવી આપે

છે કે આ જ્ઞાન આ જન્મનું નહીં, પરંતુ પૂર્વ જન્મનું છે.

જીવન અને શરીર એક વસ્તુ નથી. જેમ કપડાંને આપણે યોગ્ય સમયે બદલતા રહીએ છીએ તેવી જ રીતે જીવને પણ શરીર બદલવાં પડે છે. આખી જિંદગી સુધી એક જ કપડું પહેરી શકાતું નથી તે જ રીતે જીવન સુધી એક શરીર ચાલી શકતું નથી. તેથી તેને વારે વારે બદલવાની જરૂર પડે છે. સામાન્ય રીતે તો કપડાં જૂનાં અને જીર્ણ થાય ત્યારે જ તેમને કાઢી નાખવામાં આવે છે, પણ ક્યારેક બળી જવાથી, કોઈ વસ્તુમાં ભરાઈને ફાટવાથી, ઉંદર દ્વારા કાપવાથી યા અન્ય કારણસર તે થોડા જ દિવસમાં બદલી નાખવાં પડે છે.

શરીર સાધારણ રીતે વૃદ્ધાવસ્થામાં જીર્ણ થવાથી નાશ પામે છે, પરંતુ જો વચ્ચે જ કોઈ આકસ્મિક કારણ ઊભું થાય તો ઓછી ઉંમરમાં પણ શરીર ત્યાગવું પડે છે.

મૃત્યુ કેવી રીતે થાય છે ? આ બાબતે તત્વદર્શી યોગીઓનો મત છે કે મૃત્યુના કેટલા સમય પહેલાં મનુષ્યને ખૂબ જ બેચેની, પીડા...., તરફડાટ થાય છે. કેમ કે બધી જ નાડીઓમાંથી પ્રાણ ખેંચાઈને એક જગ્યાએ એકત્ર થાય છે. પરંતુ જૂના અભ્યાસને કારણે ફરીથી તે નાડીઓમાં પાછો ખસી જાય છે, જેના લીધે એક પ્રકારનો આઘાત લાગે છે અને એ જ પીડાનું કારણ છે. રોગ, આઘાત કે અન્ય જે કારણ મૃત્યુ થઈ રહ્યું હોય તો તેમાં પણ વધુ કષ્ટ થાય છે. મરતા પહેલાં પ્રાણી કષ્ટ પામે છે, ભલે તે વાચાથી પ્રગટ કરી શકે યા ન કરી શકે, પણ જ્યારે પ્રાણ નીકળવાનો સમય બિલકુલ પાસે આવી જાય છે તો એક પ્રકારની મૂર્છા આવી જાય છે અને તે અચેતન-અવસ્થામાં પ્રાણ શરીરની બહાર નીકળી જાય છે. જ્યારે મૃત્યુ નજીક આવે છે ત્યારે તેની બધી જ બાહ્ય શક્તિઓ એકત્રિત થઈને અંતર્મુખી થઈ જાય છે અને પછી સ્થૂળ શરીરની બહાર નીકળી જાય છે. પાશ્ચાત્ય યોગીઓનો મત છે કે જીવનું સૂક્ષ્મ શરીર જાંબલી રંગની છાયા લઈને શરીરમાંથી બહાર નીકળે છે.

ભારતીય યોગીઓ એનો રંગ શુભ જ્યોતિ સ્વરૂપ સફેદ માને છે. જીવનમાં જે વાતો ભુલાઈને મસ્તિષ્કના સૂક્ષ્મ કોષોમાં સુષુપ્ત અવસ્થામાં પડી રહેલ હોય છે તે બધી એકત્રિત થઈને એકી સાથે નીકળવાના કારણે જાગૃત એટલે સજીવ થઈ જાય છે. એટલે થોડીક ક્ષણોમાં પોતાના આખા જીવનની ઘટનાઓને ફિલ્મની જેમ જુએ છે. આ સમયે મનની આશ્ચર્યજનક શક્તિનો ખ્યાલ આવે છે. એમાંથી અડધી પણ ઘટનાઓનાં માનસિક ચિત્ર જોવા માટે જીવંત સ્થિતિમાં વધુ સમયની જરૂર પડે છે. પણ આ ક્ષણોમાં તે બિલકુલ થોડા સમયમાં માનસપટલ પર ફરી વળે છે. આ બધાને જે નિષ્કર્ષ નીકળે છે. તે સાર રૂપે સંસ્કાર બનીને મૃતાત્મા સાથે જાય છે. કહેવાય છે કે આ ઘડી અત્યંત પીડાની હોય છે. એકી સાથે હજારો વીંછીઓના ડંખની વેદના થાય છે. કોઈ માણસ ભુલથી પોતાના પુત્ર પર તલવાર મારી દે અને તે અડધી કપાયેલ અવસ્થામાં પડી તરફડી રહ્યો હોય એ દૃશ્ય જોઈ એક સહૃદય પિતાના હૃદયમાં પોતાની ભૂલના કારણે પ્રિય પુત્રની માટે ભયંકર ઘટના સર્જવાના કારણે જે દારુણ વ્યથા ઉપજે છે, બસ તેવી જ પીડા એ સમયે પ્રાણ અનુભવે છે કેમ કે બહુમૂલ્ય જીવનનો તેણે સદુપયોગ કર્યો નહી કે જેવો તેણે કરવો જોઈતો હતો. જીવન જેવી મૂલ્યવાન વસ્તુનો દુરૂપયોગ કરવા બદલ તેને તે સમયે ખૂબ માનસિક વેદના થાય છે.

પુત્રની ઉપર વાર કરવાથી પિતાને શારીરિક નહીં, પણ માનસિક વેદના થાય છે તેવી જ રીતે મૃત્યુની અંતિમ ક્ષણે પ્રાણીની શારીરિક ચેતના તો શૂન્ય થઈ જાય છે, પણ તેને માનસિક કષ્ટ ખૂબ જ થાય છે. રોગ વગેરે શારીરિક પીડા તો થોડીક ક્ષણ પહેલા જ જ્યારે ઈન્દ્રિયોની શક્તિ અંર્તમુખી થવા માંડે છે ત્યારે જ બંધ થઈ જાય છે. મૃત્યુ પહેલાં શરીર પોતાનું કષ્ટ સહન કરી ચૂક્યું હોય છે. બીમારીથી અથવા કોઈ આઘાતથી શરીર અને જીવનાં બંધન તૂટવાનો આરંભ થઈ જાય છે. ફળ ડાળી પરથી એ સમયે તૂટે છે જ્યારે તે ડીંટેથી લટકવા અસમર્થ બને છે,

તેવી જ રીતે મૃત્યુ એ સમયે થાય છે જ્યારે શારીરિક શિથિલતા અને અચેતના આવી જાય છે. ઘણે ભાગે ઉપરનાં છિદ્રોમાંથી પ્રાણ નીકળે છે. મુખ, આંખ, કાન, નાક એમાંના મુખ્ય માર્ગ છે. દુષ્ટ વૃત્તિવાળાઓના પ્રાણ મળ-મૂત્રવાળા માર્ગોથી નીકળતા જણાય છે. યોગી બ્રહ્મરંધ્રથી પ્રાણ ત્યાગ કરે છે.

શરીરમાંથી જીવ નીકળી ગયા પછી તે એક વિચિત્ર અવસ્થામાં પડી જાય છે. ઘોર પરિશ્રમથી થાકેલો મનુષ્ય જેવી રીતે કોમળ પથારી મળતાં જ નિદ્રામાં પડી જાય છે બસ એજ રીતે મૃતાત્માને જીવનભરનો શ્રમ ઉતારવા માટે એક નિદ્રાની જરૂર હોય છે. આ ઊંઘથી જીવને બહુ જ શાંતિ મળે છે અને તે આગળનું કામ કરવા માટે શક્તિ પ્રાપ્ત કરી લે છે. મરતાની સાથે જ ઊંઘ આવતી નથી, પણ એમાં થોડી વાર લાગે છે. લગભગ એકાદ મહિના જેવું લાગે છે. એનું કારણ એ છે કે દેહાંત પછી કેટલોક સમય સુધી જીવનની વાસનાઓ પ્રબળ રહે છે અને તે ધીમે ધીમે નિર્બળ પડે છે. ગાઢ મહેનત-પરિશ્રમ કર્યા પછી આપણા શરીરમાં લોહીનું પરીભ્રમણ ખૂબ ઝડપી થાય છે અને સુવાનું મળ્યા પછી પણ એટલો સમય જાગતા રહીએ છીએ કે જ્યાં સુધી લોહીની ગતિ સામાન્ય થાય નહીં.

મૃતાત્મા સ્થૂલ શરીરથી અલગ થઈ સૂક્ષ્મ શરીરમાં જતો રહે છે. આ સૂક્ષ્મ શરીર બરાબર સ્થૂળ શરીર જેવું જ હોય છે. મરનારને ખૂબ જ આશ્ચર્ય થાય છે કે મારું શરીર કેટલું હલકુ થઈ ગયું ! તે હવામાં પાંદડાની જેમ ઊડી શકે છે અને ઈચ્છા માત્રથી ધારે ત્યાં જઈ શકે છે. સ્થૂળ શરીરની આજુબાજુ પ્રિયજનોને રોતા કકળતા જોઈ તે એમને કંઈક કહેવા માંગે છે અથવા ફરીથી જૂના શરીરમાં પાછો ફરવા ઈચ્છે છે, પણ તેમાં તે સફળ થતો નથી. એક પ્રેતાત્માએ જણાવ્યું હતું, "હું મર્યા પછી ખૂબ જ અજબ સ્થિતિમાં પડી ગયો. સ્થૂલ શરીર અને સ્નેહીઓમાં મોહ રહેવાને કારણે હું તેમની સાથે સંપર્ક સ્થાપવા ઈચ્છતો હતો પણ લાચાર

હતો. હું બધાને જોતો હતો, પણ મને કોઈ જોઈ શકતું ન હતું. હું બધાની વાણી સાંભળતો હતો પણ હું જે જોરજોરથી કહેતો હતો તે કોઈ સાંભળી શકતું ન હતું. આ બધી વાતોથી થોડુંક દુઃખ થતું હતું તો કંઈક પોતાના નવીન શરીર માટે આનંદ થતો હતો કે હું કેટલો હળવો થઈ ગયો છું અને કેટલી ઝડપથી ચારે બાજુ ઊડી શકું છું. જીવિત અવસ્થામાં હું મોતથી ડર્યા કરતો હતો, જ્યારે અહીં મને કશું ડરવા જેવું લાગ્યું નહીં. સૂક્ષ્મ શરીરમાં હોવાથી જૂના શરીર પ્રત્યે કંઈ વિશેષ મમતા ન રહી કેમ કે નવું શરીર જૂના શરીર કરતાં દરેક દૃષ્ટિએ સારું હતું. હુ મારું અસ્તિત્વ એવું જ અનુભવતો જેવું જીવિત દશામાં હતું. ઘણી વાર મેં મારા હાથ પગ હલાવ્યા અને મારાં અંગ - પ્રત્યંગને જોઈ મને એવું લાગતું નહોતું કે હું મરી ગયો છું. ત્યારે મને સમજાયું કે મૃત્યુમાં ડરવાની વાત જ નથી. એ શરીર પરિવર્તનની એ મામૂલી સુખસાધ્ય ક્રિયા છે.”

જ્યાં સુધી મૃત શરીરની અંતિમ ક્રિયા થાય છે ત્યાં સુધી જીવ વારંઘડીએ એની આસપાસ ફરતો રહે છે. અગ્નિદાહ પછી તે એનાથી નિરાશ થઈ બીજી બાજુ મન વાળી દે છે. પણ દાટી દીધા પછી તે પ્રિય વસ્તુ (શરીર)નો મોહ કર્યા કરે છે. અને ઘણા દિવસ સુધી એની આસપાસ ફરે છે. વધુ અજ્ઞાની અને માયા-મોહમાં વધુ દૃઢતાથી બંધાયેલ મૃતક ઘણીવાર સ્મશાનોમાં વધુ દિવસ સુધી આંટા માર્યા કરે છે. શરીરની મમતા તેને વારંઘડીએ ત્યાં ખેંચી જાય છે. અને લાગણી ઉપર કાબુ નહિ હોવાથી, તેની આસપાસ રડ્યા કરે છે. કેટલાક મૃતકો એવા હોય છે જે પોતાના શરીર કરતાં સ્વજનોનો વધુ મોહ રાખે છે. તે પ્રિય વ્યક્તિઓની પાસે રહેવા વધુ પ્રયત્ન કરે છે. ઘરડાં માણસોની વાસનાઓ સામાન્યતઃ કમજોર થઈ જાય છે. એટલે તેઓ મૃત્યુ પછી ખૂબ જ જલદીથી નિદ્રાગ્રસ્ત થઈ જાય છે, પરંતુ જે જુવાન હોય અને જેમની વાસના પ્રબળ હોય છે તેઓ ઘણો સમય વિલાપ કરતા ફરે છે અને ખાસ કરીને એવા લોકો જેઓ અકાળે અકસ્માત આપઘાત યા

આત્મહત્યાથી મર્યા હોય છે. અચાનક અને ઉગ્ર વેદના સાથે મૃત્યુ થવાથી સ્થૂળ શરીરના ઘણા પરમાણુ સૂક્ષ્મ શરીર સાથે ભળી જાય છે એટલે મૃત્યુ પછી પણ એમનું શરીર કેટલુંક જીવિત, કેટલુંક મૃત, કેટલુંક સ્થૂળ, અને કેટલુંક સૂક્ષ્મ જેવું રહે છે. આવા આત્માઓ પ્રેત રૂપમાં પ્રત્યક્ષ દેખાય છે અને અદૃશ્ય પણ થઈ જાય છે. કુદરતી રીતે મરેલા માટે એવું નથી કે તરત જ પ્રગટ થઈ જાય. એમને એના માટે ખૂબ જ પ્રયત્ન કરવો પડે છે. અને વિશેષ પ્રકારનું તપ કરવું પડે છે, પરંતુ આપઘાતથી મરેલો જીવ સત્તાધારી પ્રેતના રૂપે વિચરે છે અને તેમની વિષમ માનસિક સ્થિતિ તેઓને ઊંઘ પણ લેવા દેતી નથી. તેઓ બદલો લેવાની ઈચ્છાએ અથવા ઈન્દ્રિય વાસનાઓ તૃપ્ત કરવા માટે જૂનો પીપળો, ગુફા, ખંડેર અથવા જળાશયની આસપાસ પડ્યા રહે છે અને જ્યારે મોકો મળે ત્યારે પોતાનું અસ્તિત્વ પ્રગટ કરવા યા બદલો લેવાની ઈચ્છાથી પ્રગટ થઈ જાય છે. આવા પ્રેતોને કેટલાક તાંત્રિકો સાધના દ્વારા યા સ્મશાનમાં સાધીને વશ કરી લે છે અને એમની પાસેથી ગુલામની જેમ કામ લે છે, આ રીતે બાંધેલા પ્રેતો એ તાંત્રિક પર ખુશ નથી રહેતા, પણ મનમાં ને મનમાં ઘણો ક્રોધ કરે છે અને તક મળે તો તેને મારી નાખે છે. બંધન દરેકને ખરાબ લાગે છે, પ્રેત છૂટવા માટે અશક્તિમાન હોઈ પોતાના માલિકોનો હુકમ પાળે છે, પણ સરકસના સિંહની જેમ તેમને દુઃખ રહે છે બંધાયેલા પ્રેત મોટાભાગે એક જ સ્થાને રહે છે. અને વગર કારણે વારંવાર જગા બદલતા નથી.

સામાન્ય વાસનાઓવાળા વ્યાવહારિક, સમજુ અને ધાર્મિક વૃત્તિવાળાં પ્રેત અન્ત્યેષ્ટિ ક્રિયા વિધિ પછી જૂના સંબંધો તોડી નાખે છે અને મનને સમજાવી - મનાવી ઉદાસીનતા ધારણ કરે છે. બસ આ ઉદાસીનતા આવતાં જ તેમને નિદ્રા આવે અને આરામ કરીને નવી શક્તિ પ્રાપ્ત કરવા માટે ઊંઘી જાય છે. આ નિદ્રા તંદ્રાવસ્થા કેટલો સમય સુધી રહે છે એનો કોઈ નક્કી નિયમ નથી. એ જીવની યોગ્યતા ઉપર

આધારિત છે. બાળકો અને મહેનત કરવાવાળાંને વધુ ઊંઘ જોઈએ ત્યારે વૃદ્ધ અને આરામ લઈ ચૂકેલાંને થોડી વાર સૂવાથી ચાલી શકે છે. સામાન્ય રીતે ત્રણ વર્ષની ઊંઘ પૂરતી હોય છે. એમાં એક વર્ષ સુધી ગાઢ ઊંઘ આવે છે, જેથી જૂનો થાક ઊતરી જાય છે, સૂક્ષ્મ ઈન્દ્રિયો સંવેદનાનો અનુભવ કરવા યોગ્ય થઈ જાય છે. બીજા વર્ષે તંદ્રા દૂર થાય છે અને જૂની ભૂલો સુધારવા તથા વધુ સારી યોગ્યતા મેળવવાનો પ્રયત્ન થાય છે. ત્રીજા વર્ષે જીવ નવો જન્મ ધારણ કરવાની શોધમાં લાગી જાય છે. આ સમયનું એક મોટું ગણિત છે. કેટલીક વિશેષ વ્યક્તિઓ છ માસમાં પણ નવા ગર્ભમાં આવી જાય છે તો કોઈને પાંચ વર્ષ પણ લાગે છે. પ્રેતોનું આયુષ્ય વધુમાં વધુ બાર વર્ષ મનાય છે. આ રીતે બે જન્મોની વચ્ચે વધુમાં વધુ બાર વર્ષનો ગાળો હોઈ શકે છે.

## પરલોક કેવો હોય છે ?

અન્યત્ર બતાવ્યા મુજબ પરલોકને અંતર સાથે કોઈ સંબંધ નથી. 'ક્ષ' કિરણો (એક્ષ રે) કઠણ પદાર્થોમાંથી પણ પસાર થઈ જાય છે, આપણને દિવાલ તોડવી મુશ્કેલ લાગે છે જ્યારે 'ક્ષ' કિરણો માટે રમત વાત છે. ગરમી અને ઠંડીની અસર મોટે ભાગે બહારનાં બંધનો તોડી અંદર જાય છે. બસ આ રીતે સૂક્ષ્મ તત્ત્વોને સ્થૂળ (જડ) વસ્તુઓને કારણે કોઈ વાંધો નથી આવતો. હવાનો સમુદ્ર પૃથ્વીની ચારે બાજુએ ભરેલો છે, પણ આપણે તેને ચીરીને જ્યાં ઈચ્છીએ ત્યાં ફરીએ છીએ. આપણને એનું ધ્યાન નથી હોતું કે આપણે હવાની વચ્ચે એવી રીતે દોડીએ છીએ, જેમ પાણીમાં માછલી. શક્ય છે કે માછલી પણ પાણીમાં એમ જ સ્વતંત્ર ફરતી હશે જેમ આપણે હવાના સમુદ્રમાં ફરીએ છીએ. મૃતાત્માઓ સૂક્ષ્મ તત્ત્વોના બનેલ હોઈ તેઓ "ઈથર" તત્ત્વથી જ્યારે જ્યાં ઈચ્છે ત્યાં આવ જા કરી શકે છે. પરલોક કંઈ અલગ નથી. તે સર્વત્ર વ્યાપેલુ છે. ત્યાંના વાસીઓ સ્વેચ્છાનુસાર ઈચ્છે તેમ ભૂમિ, પાણી, પર્વત,

ગ્રહ, નક્ષત્ર વચ્ચે યા ઉપર નીચે પણ રહી શકે છે અને પોતાને રહેવા માટે દરેક પ્રકારની સગવડો પણ બનાવી શકે છે.

એ પણ હકીકત છે કે મૃત પ્રાણીની સાથે એના વિચાર સ્વભાવ, વિશ્વાસ અને અનુભવ પણ જાય છે. ઘરમાં રહેવું, કપડાં પહેરવાં, ભોજન કરવું વગેરે કાર્યો જીવતા માણસોને આજીવન કરવાં પડતાં હોય છે. એટલા માટે એમનો આ વિશ્વાસ પણ સુદૃઢ થઈ જાય છે. એ વાત એક સામાન્ય માણસની સમજ બહારની છે કે કોઈ માણસ ઘર, વસ્ત્ર અને ભોજન વિના પણ રહી શકે છે. જેવી રીતે વિશ્વાસને કારણે સૂક્ષ્મ શરીર અને ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે, બસ એવા જ વિશ્વાસને આધારે પરલોક વાસીઓ માટે ઘર, કપડાં, આહાર વિહાર વગેરેની પણ વ્યવસ્થા થઈ જાય છે. તેઓ સમજે છે કે પોતે ઘરમાં રહે છે, કપડાં પહેરે છે અને ભોજન કરે છે. આ બધી વસ્તુઓ તેમની ભાવના સ્વરૂપ હોય છે. જો કોઈ પરમહંસ સંન્યાસી નિર્જન વનમાં વસ્ત્ર વિના અને કંદમૂળ-ફળ ખાઈ ગુજારો કરતો હોય તો તેને પરલોક પણ એવો જ હશે. ભૂતપ્રેત કોઈક ખાસ જગ્યાએ રોકાઈ જાય છે, પરંતુ સામાન્ય ક્રમ પ્રમાણે ચાલનારા પ્રાણીઓ સ્થાન સંબંધી બંધનમાં નથી આવતાં. તેઓ એક સ્થાને રહે છે પણ સ્થાન ગમે ત્યાં હોઈ શકે છે. સ્ત્રી-પુરુષનો જાતિ ભેદ પણ ચાલુ રહે છે. વિશ્વાસોના આધાર ઉપર આ પણ છે. જે પુરુષ સ્ત્રી ભાવનાનું આચરણ કરે છે અથવા જે સ્ત્રીઓ પુરુષભાવ રાખે છે તે થોડો સમય નપુંસક અવસ્થામાં રહી જાતિ પરિવર્તન કરી લે છે. અને આગળનો જન્મ એમની ભાવના પ્રમાણે થાય છે. આ એક અપવાદ છે. સામાન્ય રીતે જાતિ પરિવર્તન કરવાની કોઈ જીવને રુચિ હોતી નથી. શરીર સંબંધી કમજોરી પરલોકમાં દૂર થઈ જાય છે. બાળપણ, અવિકસિત મગજ, ખોડખાંપણો વગેરે દૂર થઈ જાય છે અને સામાન્યતઃ ઘણે ભાગે તેઓ તરુણ અવસ્થા પ્રાપ્ત કરે છે. કારણ કે એ અયોગ્યતાઓ મનની નહીં. પણ શરીરની હોય છે. અને

જન્મજન્માંતરોના નહીં, પણ એક શરીરની થોડા સમયની હોય છે. એટલે આ શારીરિક અયોગ્યતા અપંગતાની મન પર ઘેરી અસર પડતી નથી.

પરલોકમાં ઈચ્છા મુજબ એક જીવ બીજા જીવને મળી પણ શકે છે. ઈચ્છા કરવાથી જ તેઓ બીજા પરલોકવાસીને જોઈ પણ શકે છે અને એમનું વિચાર પરિવર્તન પણ શક્ય હોય છે. વિચારોની આપ-લે થઈ શકે પણ શરીર એક બીજાને જોઈ શકતું નથી કારણ કે પરલોકવાસીનાં સૂક્ષ્મ શરીર હકીકતમાં દૃષ્ટિગોચર થતાં નથી. ઘર, કપડાં, ભોજન વગેરે અંગે દરેક જીવની પોતાની કલ્પના હોય છે. અન્ય સૂક્ષ્મ જીવોને તેની ખબર પડતી નથી. સુખ-દુઃખનો પરિચય મેળવે છે, પણ એ જોઈ શકતાં નથી કે તે કુંભીપાક નરકમાં છે કે સ્વર્ગમાં, સ્વર્ગવાસી આત્માઓના શરીરમાં એક પ્રકારનું તેજ હોય છે જેથી તેઓ સુખી હોવાનો ખ્યાલ આવે છે, પણ એ જાણવું મુશ્કેલ છે કે તે પરીઓના દેશમાં, જન્નતમાં કે સુરપુરીમાં છે, કેમ કે આ બધી આપણી સ્વતંત્ર કલ્પનાઓ છે. વાસ્તવમાં એવું કશું હોતું નથી. મૃતાત્માઓ એક બીજાને કહી-સાંભળી શકે છે, પણ એમને માટે એકબીજાના સુખ-દુઃખમાં ભાગ લેવાનું મુશ્કેલ હોય છે. કેટલાક આત્માઓ પોતાના પહેલાંના જાણીતા મૃતકો સાથે રહેવાનું પસંદ કરે છે અને એમનો એક સમુદાય બની જાય છે. આવા સમુદાયો નીચલા સ્તરના લોકમાં જ હોય છે. ઉચ્ચ લોકો ભવોભવથી સંબંધિત સંપર્કને ધ્યાનમાં રાખીને આ ભ્રમજાળને વ્યર્થ સમજે છે. અને મોહજાળથી દૂર રહીને આત્માની ઉન્નતિ માટે એકાંત સેવે છે. આત્માઓ કોઈ વાડામાં અથવા શાસનમાં કે કોઈની હકૂમત તળે નથી રહેતા પણ જીવો પર તેમના અંતરાત્માનું જ રાજ્ય ચાલે છે.

શ્રાદ્ધ કરવાનું કે સ્મારક બનાવવાનું ફળ એ કરનારાઓને જ મળે છે. આ પુણ્ય-દાન-પરલોકવાસીઓને કોઈ વિશેષ મદદ કરી શકતું નથી. કેમ કે આ ઉદાર કાર્યો માટે એમનો પોતાનો કોઈ ફાળો હોતો નથી. એ

નક્કી જ છે કે પુણ્યફળનો અદલો-બદલો થઈ શકતો નથી. જે કરે છે તે જ પામે છે. તેમ છતાં પરલોકવાસી જ્યારે જુએ છે કે મારાં પહેલાંના સંબંધીઓ મારા પ્રત્યે કૃતજ્ઞતા અને ઉપકારના ભાવ પ્રદર્શિત કરી રહ્યા છે, તો એ જાણી એમને સંતોષ થાય છે અને ક્યારેક જો શક્ય હોય તો તે ઉપકારનો કોઈ અદૃશ્ય રીતે બદલો ચૂકવે છે. પોતાના પ્રિયજનોની મદદ માટે જે બની શકે તેટલું કરે છે. સંબંધીઓના રોવા-કૂટવાથી કે શોક પ્રદર્શિત કરવાથી મૃતકને દુઃખ થાય છે અને તેમની શાંતિમાં ભંગ પડે છે. એટલા માટે મૃતક સાથે મોહ બંધન વહેલામાં વહેલા તોડી નાખવાં એ જ યોગ્ય છે અને શાંતિ માટે ઉચ્ચ પ્રાર્થના કરવી જોઈએ.

## સ્વર્ગ-નરક

ઈશ્વર ખૂબ જ દયાળુ છે. એણે પ્રાણીઓને ખૂબ જ સ્વતંત્રા આપી છે જેથી તેની ઈચ્છાપૂર્વક કાર્ય કરતાં સત ચિત તથા આનંદને પ્રાપ્ત કરે. જેમની ભૂલ થાય છે તેમના પર પરમાત્મા ક્રોધ કરતા નથી અને ન તો તેઓ ક્રોધીને દ્વેષ ભાવથી શિક્ષા કરે છે. હા, પણ એમણે એવી વ્યવસ્થા જરૂર કરી છે કે જેથી જીવ પોતાની ખામીઓ દ્વારા અનુભવ પ્રાપ્ત કરે અને આગળ જતાં વધુ યોગ્યતા મેળવે. સ્વર્ગ અને નરકની રચના બસ આજ હેતુથી કરવામાં આવી છે. ન્યાયમૂર્તિ જજ કોઈને ખરાબ દાનતથી જેલમાં મોકલતા નથી, પણ એમની હાર્દિક ઈચ્છા એ હોય છે કે માણસ પોતાની ભૂલોનું પરિણામ જાણે, અનુભવે અને એમાંથી બોધ ગ્રહણ કરી ભાવિ જીવન ઉત્તમ રીતે જીવવા પ્રયત્ન કરે. મૃત્યુ બાદ જીવને સ્વર્ગ કે નરક પ્રાપ્ત થાય છે. આ વાતનો જગતના બધા ધર્મો એકી અવાજે સ્વીકાર કરે છે. એમાં કોઈ શંકાની વાત જ નથી. એ ચોક્કસ છે કે આપણે મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે સ્વર્ગ કે નરકનો અનુભવ મેળવવો પડે છે. પરમાત્માની ઈચ્છા છે કે આ વ્યવસ્થા દ્વારા પહેલાંની ભૂલોમાં સુધારો થાય અને ભાવિ જીવનપથ સરળ બને.

ત્રણ વર્ષ અથવા જેટલો સમય જીવને પરલોકમાં રહેવા માટે અદૃશ્ય ચેતના યોગ્ય સમજે છે, એનો પહેલો એક તૃતીયાંશ ભાગ નિદ્રામાં ખર્ચાય છે, કારણ કે પૂર્વજન્મની મહેનતનો એ સમયે એટલો થાક હોય છે કે પ્રાણી એ વખતે અચેતન - બેભાન જેવું થઈ ગયું હોય છે. તેથી તેને એ સમયે દંડ - શિક્ષાનો ખાસ અનુભવ થતો નથી, જેમ કે ક્લોરોફોર્મ સુંઘાડી, બેહોશ કરેલ રોગી પોતાના શરીર પરના વાઢકાપનો અનુભવ કરી શકતો નથી.

શરૂઆતનો ત્રીજો ભાગ વીતી ગયા પછી જીવ સ્વસ્થ થઈ જાગૃત થાય છે અને પછીના કાર્યક્રમ ઉપર ધ્યાન આપે છે. ત્રીજા-છેલ્લા તૃતીયાંશ ભાગમાં તે પોતાના પાછળના જીવન પર ધ્યાન આપે છે. બધાં સારા ખોટાં કામો એની ચેતના સાથે ખૂબ જ મજબૂતાઈથી વળગેલાં હોય છે આ બધાં પડ એક-એક ખુલતાં જાય છે. તે દરમિયાન તેનાં કર્મોનાં બીજ પાકી ચૂક્યાં હોય છે અને તે ફળ સ્વરૂપે ઉપસ્થિત થાય છે. આ વખતે તેની માત્ર સ્મૃતિ જ નથી રહેતી, પરંતુ પોતાનું એક ફળ પણ સાથે લાવે છે. જીવનમાં આપણે જે કંઈ ખરાં ખોટાં કામ કરીએ છીએ તે સામાન્ય રીતે કેટલાક દિવસોમાં ભૂલી જઈએ છીએ. પરંતુ સાક્ષી સ્વરૂપ આત્મા જે અંતઃકરણમાં બેઠેલ છે તે બધી બાબતોની નોંધ રાખે છે માનો કે તમે ચોરી કરી છે, તો ચોરી કરતી વખતે અંતરાત્મા ધિક્કારે છે અને તે કામ ન કરવા આદેશ આપે છે. પરંતુ આપણે તેનું સાંભળતા નથી અને ચોરી કરીએ છીએ. કોઈએ તે ચોરીને જોઈ નહીં તેથી પ્રત્યક્ષ રૂપથી કોઈ શિક્ષા ન થઈ. આત્મિક ક્ષેત્રમાં આ કામ બીજ બની એ રીતે વવાઈ જાય છે, જેવી રીતે ખેતરમાં ઘઉં. થોડા સમય પછી બહારનું મન તે ચોરીને ભૂલી જાય છે, પણ આત્મા તેને ભૂલતો નથી. તેને ખેતરમાં આ બીજ પડી રહે છે. ખજૂરનો ઠળિયો જ્યારે વવાય છે ત્યારે એનું એક રૂપ હોય છે, પરંતુ પરિવર્તિત ખજૂરનું વૃક્ષ તેનુ બીજુ સ્વરૂપ હોય છે. પાપનું સ્વરૂપ બીજુ હોય છે. પરંતુ તેનુ પરિવર્તન રૂપ દુઃખ હોય છે.

અનેક પ્રકારના નર્કનું વર્ણન મળે છે. વિવિધ ધર્મોમાં તેની રૂપરેખા અલગ અલગ બતાવી છે. કુંભીપાક, વૈતરણી, સ્વર્ગ, દોજખ, હેલ વગેરેનાં વર્ણનો કંઈક જુદાં જુદાં છે આ તફાવત અધૂરો છે, તેમ છતાં સત્ય છે. મારો મત છે કે દરેક પ્રાણી માટે જુદા પ્રકારનું નરક હોવું શક્ય છે. આ રીતે જેમ જેટલા પ્રાણ થઈ ચૂક્યા છે તેટલાં નરક થયાં હશે અને આગળ જેટલા (પ્રાણ) થશે તેટલાં નવાં નરક થશે. એનું કારણ એ છે કે દરેક વ્યક્તિનો દૃષ્ટિકોણ અલગ-અલગ હોય છે. જો એક માણસને નાનીશી ફોલ્લી થાય તો તે ખૂબ જ દુઃખ અનુભવશે, જ્યારે બીજો ભીખારી હોય તે વધુ ભીખ મેળવવા પોતાના ઘા વધારશે અને તેને ફોલ્લો મટી જાય તો વધુ દુઃખી થશે. ફાંસીની સજાથી કેટલાક અત્યંત ભયભીત થઈ જાય છે, પરંતુ કેટલાક લોકો ફાંસીના ગાળિયાને પ્રેમથી ચૂમે છે અને ગીત ગાતા દોરડાને પોતાના હાથે ગળામાં બાંધે છે. કુંભીપાક નરક વિષે કહે છે કે તે અંદરથી પોલા કૂવા જેવું હોય છે અને તેના ઉપર એક નાનું કાણું હોય છે. કૂવા ખોદવાવાળાને જો આ નરકમાં પૂરી દેવામાં આવે તો તેને સજા જેવું નહીં લાગે. એક માણસને થપ્પડ મારવામાં આવે તો તેને તલવારના ઘા જેટલું દુઃખ થાય, જ્યારે બીજાને જો પચાસ ચંપલ વાગે તો પણ દસ મિનિટ પછી તે હસતો દેખાય છે. આવાં બધાં કારણોથી જુદી-જુદી માનસિક સ્થિતિવાળા લોકો માટે અલગ પ્રકારનાં નરકોની જરૂર છે.

પુરાણોમાં એવું વર્ણન છે કે યમદૂતો ઘસડીને નરકમાં લઈ જાય છે. આ યમદૂત એ કોઈ સ્વતંત્ર પ્રાણી નથી હોતા. તે "જીવ" ના માનસપુત્રો હોય છે. અતઃકરણ કાળક્રમે આ યમદૂતોને ઉપજાવે છે. આ દૂત એટલા જ દિવસ જીવે છે કે જેટલા દિવસ સુધી પ્રાણીને નરકમાં રહેવાની જરૂર હોય છે. કાર્ય પૂર્ણ થયે તે (દૂતો) મરી જાય છે. એક જીવન માટે જન્મેલ યમદૂત બીજાને શિક્ષા કરવા માટે જીવતા રહે છે અને આધ્યાત્મિક જીવન શરૂ થાય છે. વૈજ્ઞાનિકોના મત મુજબ બાહ્ય મન

મરી જાય છે અને અંતે મન જીવતું રહે છે. વકીલોની દલીલ કે પંડિતોની શાસ્ત્રશક્તિ અહીં શોધી પણ જડતી નથી. છુપાવવાનો દંભ બિલકુલ વિદાય થઈ જાય છે. જે અંતરાત્મામાં પાપનાં બીજ વવાયાં હોય છે તે જીવિત અવસ્થામાં પૂર્ણ સ્વરૂપે બાહ્ય મસ્તકની જેમ સજીવ થઈ જાય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો ચતુષ્ટય અને દસેય ઈન્દ્રિયો એ સૌના સંમિશ્રણથી બનેલ સૂક્ષ્મ શરીર તે સમયે એવું જ અચેતન-સુષુપ્ત રહે છે જેવું કે જીવતાં ગુપ્ત મસ્તક રહે છે. આપણે જોઈએ છીએ કે સંમોહન કરનારા બાહ્ય મગજને નિંદ્રાધિન કરી દે છે. અને આંતરિક મનને આજ્ઞા આપે છે કે, "તમે પાણીમાં તરી રહ્યા છો" તો તે વ્યક્તિ બિલકુલ તેવો જ અનુભવ કરે છે. કે હું પાણીમાં તરું છું સાચુકલા પાણીમાં તરવાનો અને આ જૂઠા પાણીમાં તરવાનો રતીભાર પણ ફરક જણાતો નથી. આ જ વાતો એ નરકને પણ લાગુ પડે છે. એ નરક તેમજ એ યમદૂતોનું કોઈ અલગ અસ્તિત્વ હોતું નથી અને ન તો પરલોકમાં કોઈ અલગ ન્યાયાધીશ, જજ, મુનશી વગેરે બેસે છે. દરરોજ અબજો જીવ મરે છે. તો તેમને સજા કરવા બમણા કે ચાર ગણા તો યમદૂત જોઈએ ને ? સાથે અસંખ્ય ચોપડા, ઓફિસો, જેલખાનાં અને નરક તો જુદાં. આમ આ બધાં અલગ બખડજંતર હોવાં કોઈ રીતે શક્ય નથી-બેશક, દરેક વ્યક્તિ માટે અલગ અલગ નરક હોઈ શકે, કેમ કે તેની સાથે જ તે ઉત્પન્ન થાય છે અને તેના અંત સાથે જ નાશ પામે છે.

અંતરાત્મામાં જામેલા પાપ-સંસ્કાર પ્રકાશ રૂપે જ્યારે પ્રગટે છે ત્યારે એટલા શક્તિશાળી હોય છે કે સૂક્ષ્મ શરીરને ફરજિયાત એમની સામે આવવું જ પડે છે. જેવી રીતે સાપના નેત્ર-તેજથી ખેંચાઈને પક્ષી તેના મોંમાં ચાલ્યું આવે છે. શક્ય છે કે તે સૂક્ષ્મ શરીર પોતાના મનમાં એમ સમજતું હશે કે એમને કોઈ સ્વતંત્ર જીવ પકડીને લઈ જઈ રહ્યો છે. કર્મફળની ભોગનીય શક્તિ દ્વારા ખેંચાતી વખતે શક્ય છે કે સૂક્ષ્મ શરીર એમ સમજતું હશે કે કોઈ યમદૂત મને પકડીને ખેંચી લઈ જાય છે. આ

યમદૂતોનો રંગ, રૂપ, આકાર તથા પ્રકાર પણ જુદા બની જાય છે. હિંદુ માટે ચાંલ્લો કરેલ, ગદા ધારણ કરેલ રાક્ષસ આકૃતિવાળો હિંદુ આવતો લાગે છે, જ્યારે મુસલમાનના ફરિશ્તા દાઢી રાખે છે અને કદાચ તુર્કી ટોપી પણ માથે હશે. અંગ્રેજોના યમદૂત કોટ, ટોપી, તથા નેકટાઈમાં સજ્જ ભાસતા હશે. આ દૂત વાતચીત પણ હિન્દી, અરબી, અંગ્રેજી અથવા એ ભાષામાં વાત કરતાં હશે જે સંબંધિત મનુષ્ય પૂર્વ જન્મમાં બોલતો હશે એમની આકૃતિઓ પણ જુદી જુદી ધારણાઓ પ્રમાણે અલગ હોય છે. એમ માણસ મોટા દાંતમાં રસ ધરાવતો હોય, તો બીજો મોટી આંખોમાં. આમ પહેલાનો યમદૂત મોટા દાંતવાળો હશે જ્યારે બીજાનો દૂત મોટી આંખોવાળો હશે. આ યમદૂત જેમને "સંસ્કારોનું તેજ" પણ કહી શકાય છે. જેની આગળ સૂક્ષ્મ શરીરને પોતાની ઈચ્છા વિરૂદ્ધ પણ સજા આપવા હાજર કરાય છે.

કુકર્મોનું ફળ છે દુઃખ. સૂક્ષ્મ શરીરને વેદના, પીડા, કષ્ટ આપવા માટે અંતરાત્મા એક સ્વતંત્ર નરક બનાવે છે, જેમાં ગીધ, કાગડા, કોતરી ખાનાર જંતુઓ, વૈતરણી નદી પાર કરવી, ઊંધુ લટકવું, માર પડવો, આગમાં બળવું વગેરે દશ્યો ઉભાં થાય છે. યા કેવળ અપમાન કરવું, ખરું ખોટું કહી લજ્જા પમાડવાની વ્યવસ્થા હોય છે. આ બધુ જુદી જુદી માનસિક સ્થિતિ પર આધાર રાખે છે. આ નારકીય પીડાનો ઉદ્દેશ એ છે કે જીવ દુઃખનો અનુભવ કરે છે. પાપ કર્મ અને એનાં ફળ સામે જોઈને એ સમજી લે કે પાપોનું પરિણામ આવું આવે છે. સજા કેટલો સમય અને કેટલા પ્રમાણમાં મળવી જોઈએ એનું માપ પોતાનો સુધાર કેટલા સમયમાં કરી લે છે તેના ઉપર અવલંબે છે. ન્યાયાધીશ નાના ગુના માટે નાની અને મોટા અપરાધો માટે મોટી મોટી સજા આપે છે, કારણ કે, નાના ગુનાવાળાની મનોદશા પાપ અને વધુ દોષિત ગણાતી નથી માટે તેનો સુધાર જલદી અને થોડી શિક્ષાથી થઈ જાય છે. મોટા અપરાધો કરનારાની કઠણ મનોભૂમિમાંથી આદતો ઊખેડવા વધુ મહેનત અને

સમય જોઈએ. આ દષ્ટિકોણથી નરકની યાતના નક્કી થાય છે.

દુષ્કર્મોનાં પડ એક-એક કરીને ઊખડતાં જાય છે અને પોતાનો પ્રભાવ દેખાડીને નષ્ટ થઈ જાય છે. સૂક્ષ્મ શરીરમાં ઈન્દ્રિયો પણ હોય છે અને મન પણ. એટલે શારીરિક પાપો માટે શારીરિક દંડ અને માનસિક પાપો માટે માનસિક વેદના થાય છે. વધુ ખાવાથી પેટમાં ચૂંક આવે છે, મરચું ખાવાથી બળતરા થાય છે, તેમ પાપ કર્મોની ફળ - પ્રાપ્તિની વ્યવસ્થા અન્તરાત્મા જાતે કરી લે છે. એના માટે બીજા કોઈની જરૂર પડતી નથી જે પાપો પ્રગટ થઈ ગયાં હોય છે તેનાં ફળ તો ઘણે ભાગે જીવિત અવસ્થામાં મળી જાય છે પરંતુ જે પાપોનાં ફળ ભોગવતાં નથી તે પરલોકમાં ભોગવવાં પડે છે. પ્રભુએ એવી વ્યવસ્થા કરી છે કે નવો જન્મ ધારણ કર્યા પહેલાં જ જીવ પાછળ જન્મનાં મોટા ભાગનાં પાપો ભોગવી લે અને નવા જન્મ માટે પવિત્ર થઈ જાય જેથી આગામી જીવન આ પાપના ભારની ખરાબ અસરોથી મુક્ત બની રહે.

સેનાપતિ પોતાના ઘાયલ સિપાહીને જ્યાં સુધી ઘા રુઝાય નહીં ત્યાં સુધી હોસ્પિટલમાં રાખે છે, કેમ કે ઘાયલને જો તરત જ ફરીથી લડાઈમાં મોકલવામાં આવે તો તેનો ઉદ્દેશ પૂર્ણ કરી શકવાનો નથી. તેના માટે શસ્ત્રો ચલાવવાં તો બાજુ પર રહ્યાં, પણ પોતાના ઘા ની સંભાળમાંથી જ તેને નવરાશ નહિ મળે. એટલા માટે કેટલીક વિશેષ અવસ્થાઓને બાદ કરીને (જેનું વર્ણન પુનર્જન્મ પ્રકરણમાં છે) મોટા ભાગનાં પાપો ઘણે અંશે પરલોકમાં જ ભોગવાઈ જાય છે અને જીવ નિર્મળ બની જાય છે. નરકનો માત્ર એટલો જ લાભ નથી કે પાપ ક્ષીણ કે ઓછાં થઈ જાય, પરંતુ એ પણ ઉદ્દેશ છે કે આગળના ભવિષ્યમાં ખરાબ આદતો છૂટી જાય અને ભૂલોનાં પરિણામ યાદ રહે. ચોરી કરતી વખતે ચોરોનું ગળું સુકાય છે, દુરાચારીઓના પગ કંપે છે, હત્યારા ધમણીની જેમ હાંફે છે. આ પૂર્વજન્મમાં મળેલ દંડનું સૂક્ષ્મ સ્મરણ છે. પરંતુ લોકો એ અંદરના અવાજને બિલકુલ ભૂલી જાય છે અને ફરી એ પાપના પિશાચી ફંદામાં

ફસાઈ જાય છે.

## સ્વર્ગ

જેવી રીતે પાપ કર્મોનું ફળ નરક છે, એવી રીતે શુભ કર્મોનું ફળ સ્વર્ગ છે. પાપ અને પુણ્ય શું છે ? એ પ્રશ્ન પેચીદો છે. એના ઉપર એક સ્વતંત્ર ચોપડી છપાયેલ છે. અહીં તો એટલું જ સમજી લેવું જોઈએ કે પ્રેમ તથા હાર્દિક પવિત્રતાની સાથે કરેલ કાર્ય પુણ્ય તથા સ્વાર્થ, પાખંડ સાથે કરેલ કાર્ય પાપ કહેવાય છે. પાપ - પુણ્યની વ્યાખ્યા જો બુદ્ધિ દ્વારા સ્પષ્ટ ન થાય તો પણ અંતરાત્મા એને જાણે છે, જેમ બોબડો માણસ જો કે મીઠાઈ અને ખારાશનો સ્વાદ કહી ન શકે તો પણ એ સ્વાદને જરૂર જાણે તો છે. પુણ્ય કાર્યોથી આત્માને તત્કાળ શાંતિ મળે છે.તેનાથી ઊલટું પાપ કર્મોથી એક બળતરા ઉત્પન્ન થાય છે. ધાર્મિક કર્મકાંડ મનની પવિત્રતા માટે મદદ કરી શકે છે પરંતુ તે પોતે (કર્મકાંડ) જ ધર્મ નથી શંખ વગાડવાથી કે ઘંટરાવ કરવાથી કોઈ ધર્મ થતો નથી, તેનાથી મનોભૂમિને પવિત્ર કરવામાં થોડી સહાયતા જ મળે છે. જો કોઈનું મન મેલું અને દુષ્ટ હોય જેમાંથી દુર્ભાવના જ જાગતી હોય તો કોઈપણ કર્મકાંડ તેને સ્વર્ગે પહોંચાડી શકે નહીં. અજ્ઞાની લોકો ધાર્મિક કર્મકાંડને જ સ્વર્ગ માટેનું સાધન સમજે છે. હકીકતમાં તો એક તુચ્છ સાધન માત્ર છે. ધાર્મિક રીતરિવાજો ધર્મ બની શકતા નથી. દયા, પ્રેમ, ઉદારતા તથા સત્યપરાયણતા જ માત્ર ધર્મનાં અંગો છે.

આત્માને સંતોષ આપનારી આંતરિક સદ્ પ્રવૃત્તિઓને પુણ્ય કહેવામાં આવે અને એ દ્વારા જ સ્વર્ગ પ્રાપ્તિ શક્ય છે. અંધ વિશ્વાસમાં પડી રહેવું એ અંધારામાં ભટકવા બરાબર છે. જેમ જીવનમાં બીજાં અન્ય અર્થહીન કાર્યોમાં આપણે પોતાનો સમય બરબાદ કરીએ છીએ તે જ પ્રમાણે કેટલીયે ધાર્મિક પરંપરાઓ એવી છે જેમાં બિલકુલ વ્યર્થ સમય બરબાદ થાય છે અને પરલોકનો હેતુ પણ સિદ્ધ થતો નથી.

શુભ કાર્યોથી આંતરિક પ્રસન્નતા મળે છે, જે પરલોકમાં સ્વર્ગ રૂપે સ્ફુરે છે. પાપકર્મ નર્કમાં પરિણમે છે. નરક વિષે આપણી જેવી કલ્પના હોય છે. તેવું જ તે લગભગ પ્રાપ્ત થતું દેખાય છે. એ રીતે સ્વર્ગની કલ્પના પણ સત્ય છે. ધર્માત્મા હિન્દુને વૈકુંઠ, ઈન્દ્રલોક વગેરે મળે અને મુસલમાનોને સત્કાર્યોથી મુલાયમ ગાલીચાવાળું જન્નત મળે તો નવાઈ નહીં કેમ કે સ્વર્ગ - નરક આપણા આજના દષ્ટિકોણથી કરેલી કલ્પના માત્ર છે. ભલે તે એ સમયે સાચી પ્રતીતિ થાય. સ્વર્ગનું સુખ પણ નિશ્ચિત સમય સુધી જ રહે છે. સ્વર્ગનો આનંદ મળવાનો ઉદ્દેશ એ છે કે એની આત્મિક યોગ્યતા અધિક ચૈતન્યશાળી અને ઉત્સાહિત બની આગામી જીવનમાં વધુ સૂક્ષ્મ બની જાય. સ્વર્ગ સુખની અધિકારી એવી વ્યક્તિઓ હોય છે જેમની તુચ્છ-ઈન્દ્રિય લાલસાઓ પહેલેથી જ શાંત થયેલ હોય. એટલા માટે અજ્ઞાની લોકો સમજે છે તેમ "સ્વર્ગલોક ઈન્દ્રિય વાસનાતૃપ્તિની સામગ્રીથી ભરપૂર છે" એવું હોતું નથી. ઈન્દ્રિયોના ગુલામ અને વાસનાંના કીડા સ્વર્ગ સુખથી દૂર રહે છે. દારૂ, વેશ્યાગમન, મૈથુન વગેરેનું નામ જ સ્વર્ગ હોય તો આ સ્વર્ગીય સુખ માટે આટલું બધું તપ કરવાની જરૂર નથી. તે તો અહીં પણ થોડા પૈસા ખર્ચી મેળવી શકાય છે. માટે સાચા અર્થમાં સ્વર્ગ સુખ માત્ર ઇન્દ્રિયોનું જ સુખ નહીં, પરંતુ અંતઃકરણ ચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) આનંદ છે. આ બધું ઇન્દ્રિય સુખ કરતાં ખૂબ જ ઊંચા સ્તરનું છે.

અધ્યાત્મ તત્ત્વના જિજ્ઞાસુ એ જાણતા હશે કે આત્મામાં અનંત શક્તિ છે. ઇશ્વરનો અંશ કોઈપણ રીતે અશક્ત નથી. તે ઈચ્છા માત્રથી સ્વર્ગ કે નરકની રચના કરી લે છે. એમાં આશ્ચર્ય અને અવિશ્વાસની કોઈ વાત જ નથી. ઈશ્વરે ઇચ્છા કરી કે "એકોહં બહુસ્યામ" હું એક છું અને વધુ બની જાઉં અને બસ તેઓ દશ્ય જગતના સ્વરૂપે પ્રગટ્યા. આત્મા ઈચ્છાનુસાર જાગૃત અવસ્થા, સ્વપ્ન અવસ્થા તથા સુષુપ્ત અવસ્થાની રચના કરે છે અને જન્મ મરણને સ્વર્ગ જેવા બનાવે છે. એવી રીતે સ્વર્ગ

અને નરકનું નિર્માણ કરી લે છે. ઈચ્છાથી બંધનમાં બંધાય છે અને ઈચ્છાથી મુક્ત થઈ જાય છે. આ બધી બાબતો તેની પોતાની શક્તિ અનુસાર બને છે.

## પુનઃજન્મની તૈયારી

પરલોકમાં રહેવાની અવધિનો પહેલો ભાગ આરામનો અને બીજો ભાગ સ્વર્ગ નરકનો હોય છે. જ્યારે ત્રીજો ભાગ પુનર્જન્મની તૈયારીમાં પસાર થાય છે. સ્વર્ગ-નરક ભોગવ્યા પછી આવતા જન્મ માટે જીવને વિશેષ પ્રોત્સાહન મળે છે. નરક ભોગવવાવાળાનાં પાપ મોટે ભાગે નાશ પામી ગયાં હોય છે. પરંતુ થોડી આદતો છુટી શકતી નથી. આ આદતોને આધ્યાત્મિક ભાષામાં "સંસ્કાર" નામ આપવામાં આવ્યું. જ્યાં સુધી જીવ જ્ઞાનપૂર્વક સમજીને તેને છોડવાનો વાસ્તવિક પ્રયત્ન કરતો નથી ત્યાં સુધી આ આદતો છૂટતી નથી. બંધનનાં કારણો આ સંસ્કાર છે. જીવ સ્વતંત્ર છે. તે પોતાની ઈચ્છા અનુસાર સંસ્કાર બનાવે છે અને એમાં જ બંધાઈ રહે છે. આ માયા એ કંઈ નહીં, પણ અજ્ઞાનનું બીજું સ્વરૂપ છે. પોતાની જાતે, પોતાના જ અજ્ઞાનના બંધનમાં ફસાઈ દુઃખી થવું એ ઘણી વિચિત્ર બાબત છે. આ ગોરખધંધાને દુસ્તર માયા કહેવાય છે.

શુભ-અશુભ કર્મોનાં ફળ ભોગવ્યા પછી પણ એના પૂર્વ સંસ્કારો જલદી મટતા નથી. જેમ એક જુગારી ધન-સંપત્તિ હાર્યા છતાં પણ જુગાર રમવા ઈચ્છે છે, દારૂડિયો અનેક દુઃખો સહન કરીને પણ મદ્યપાન માટે લલચાય છે, એ જ રીતે અગાઉની આદતોને કારણે જીવ પુનર્જન્મ માટે સ્થાનની શોધ કરે છે. મધ્યમ કક્ષાની વ્યક્તિઓ મોટે ભાગે પૂર્વ જન્મ જેવી સ્થિતિના વાતાવરણ તરફ આકર્ષાય છે. ધારી લો કે એક વ્યક્તિ આ જન્મમાં ખેડૂત છે આથી આખી જિંદગી તેના મન પર ખેતીના સંસ્કાર જામતા રહે છે. તો આગળના જન્મે દુકાનદાર થવા

કરતાં તે ખેડૂત થવું વધુ પસંદ કરશે. એમ બનતું નથી કે કોઈ અન્ય શક્તિ બળપૂર્વક તેને જન્મ આપી દે છે. જીવ પોતે જ પોતાની ઈચ્છાથી સંસ્કારોને વશ થઈ જન્મ ધારણ કરે છે. આકાશમાં ઊડતું ગીધ જેમ તીવ્ર દૃષ્ટિથી મરેલા પશુની શોધ કરતું ફરે છે તેવી રીતે જ જીવ નિખિલ આકાશમાં પોતાની રુચી પ્રમાણે વાતાવરણ શોધતો ફરે છે. અગાઉ જણાવ્યા મુજબ તર્ક વગેરે પસંદ કરનારી ભૌતિક બુદ્ધિ પરલોકમાં રહેતી નથી. એટલા માટે ત્યાં ચાલાકી ચાલતી નથી અને પોતાની સ્વભાવથી વિપરિત ઊંચી યા નીચી સ્થિતિ તરફ ખેંચાતો નથી અર્થાત્ પોતાના સંસ્કાર પ્રમાણે જ બને છે. જેમ નાનું બાળક રાજમહેલ કરતાં પોતાની ઝૂંપડી પસંદ કરે છે, તેવી રીતે કોઈ વ્યાપારી સંસ્કારોવાળો જીવ કોઈ રાજાના ઘેર જન્મ લેવાં કરતાં વ્યાપારી પરિવારમાં જન્મવાનું વધારે પસંદ કરશે. મોટાભાગના માણસો લગભગ પોતાના પહેલાનાં ઘર યા પરિવારમાં જન્મ લે છે. જો પહેલાંના ઘરમાં તેને અપમાનિત લાંછિત અથવા બહિષ્કૃત ન કર્યો હોય તો તે કુટુંબમાં જ અથવા તેની આસપાસ જન્મ લેવા ઈચ્છે છે. સ્થળ બાબતે પણ આ જ વાત છે. નવા જન્મમાં પણ તે પહેલાંના જન્મના પ્રદેશમાં જ રહેવાનું બધા પસંદ કરે છે. કેમ કે ભાષા, વેશ તથા ભાવોની ઊંડી છાપ એના મન પર અંકિત થયેલ હોય છે. ઈટાલીનો ભારતમાં કે ભારતનો તુર્કસ્તાનમાં જન્મ લેવો પસંદ નહીં કરે. કોઈ વિશેષ કારણ હોય તો વાત જુદી છે.

આપણી સ્થૂળ ઈન્દ્રિયો માટે એ જાણવું મુશ્કેલ છે કે કઈ જગ્યાએ કેવી માનસિક સ્થિતિ અને કેવું આંતરિક વાતાવરણ છે. પરંતુ પરલોકવાસી આ વાત સહેલાઈથી પામી લે છે. તે જ્યાં સારી સ્થિતિ જુએ છે એ પરિવારની આજુબાજુ તંબૂ તાણીને બેસી જાય છે. પરલોકવાસીઓને પાછલા કેટલાયે જન્મોનું સ્મરણ થઈ આવે છે અને જો તે જૂના ઘરમાં વધુ સ્નેહ રાખે તો એ બાજુએ ખેંચાઈ જાય છે. બહુ સમય પસાર થયે જો એ પરિવાર અને પોતાની મનોવૃત્તિઓમાં અંતર

પડી ગયું હોય તો પણ કોઈ વાર એ તરફ ખેંચાય છે. કોઈ વિદ્વાન કુળમાં એક મૂઢનો જન્મ લેવો અથવા અસુર કુળમાં મહાત્મા પેદા થવો એ બે કારણો પ્રગટ કરે છે. (૧) કાંતો કેટલીક પેઢીઓથી તે બદલાઈ ગયો છે અથવા તો જીવના જૂના સંસ્કાર હજૂ હાજર છે. (૨) અથવા તે જીવ બીજા માળખામાં ઢળી ગયો છે અને કેવળ વ્યક્તિગત સ્નેહના કારણે એ આ કુળમાં ખેંચાઈ આવ્યો છે. અગાઉ વારંવાર જણાવ્યું છે તે મુજબ જીવન સ્વતંત્ર છે અને તે પોતાના આચરણથી સંસ્કારોમાં પરિવર્તન કરી શકે છે. જ્યારે કોઈ પરિવારમાં કોઈ વિપરિત સ્વભાવનું સંતાન પેદા થાય તો એમ સમજવું કે કાંતો તેનું કુળ બદલાઈ ગયું છે અથવા જીવ પ્રગાઢ મોહના કારણે જ મેળ વિનાના સંજોગમાં તે આવી ગયો છે.

જે પરિવારમાં જન્મ લેવાનું જીવ પસંદ કરે છે અની આસપાસ તે ધ્યાનથી વિચરે છે અને અવસરની પ્રતીક્ષા કરે છે. જ્યારે કોઈ સ્ત્રીના પેટના ગર્ભની સ્થાપના થાય છે તો તેમાં તે પોતાની સત્તાનો પ્રવેશ કરાવે છે. અને નવ માસ ગર્ભમાં રહીને સંસારમાં પ્રગટ થાય છે. કેટલાક તત્ત્વજ્ઞાનીઓને મત છે કે તે ગર્ભ પર પોતાની સત્તા જમાવે છે અને જ્યારે બાળક પેટમાંથી બહાર આવે છે ત્યારે પૂરી રીતે શરીરમાં પ્રવૃત્ત થાય છે. અમારો મત છે કે સંભોગ સમયે વીર્ય અને રજ ભેગાં થઈ ગર્ભ ફળ બને છે ત્યારે તેમાં થોડી ક્ષણો પછી જીવ પોતાનો અધિકાર જમાવે અને ગર્ભમાં રહેવા લાગે છે. એ સમજવું યોગ્ય નથી કે ગર્ભમાં બાળકને ખૂબ જ કષ્ટ પડે છે. કેમ કે તે વખેત ગર્ભનું મગજ અને ઇન્દ્રિયો અવિકસિત હોવાથી જીવ પૂરી રીતે બંધિત કરી શકતાં નથી અને જીવનું વિશેષ બંધન હોતું નથી.

તે (જીવ) ઉદરમાં માળો રાખે છે, પણ પોતાની ચેતનાથી ચારે બાજુ ભ્રમણ કરી શકે છે. જન્મ લેવાનાં થોડા સમય પહેલાં જ્યારે જીવની ઇન્દ્રિયો પૂર્ણ રીતે પરિપક્વ થઈ જાય છે ત્યારે જીવની સ્વતંત્રતા નષ્ટ થાય છે. તે તરત જ બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે તે સમયને

પ્રસવકાળ કહે છે.

ક્યારેક ક્યારેક એક જ પરિવારમાં જન્મ લેવા માટે ઘણા જીવ ઈચ્છા રાખે છે, પરંતુ એમને ક્રમ મુજબ આવવું પડે છે. અમુકના ગર્ભમાં જન્મ લેવાની ઈચ્છા હોવા છતાં પણ તેનો ક્રમ ન આવતો હોય અથવા તે ગર્ભ ધારણ કરવમાં અસમર્થ હોય તો પછી કામચલાઉ રસ્તો શોધવો પડે છે. એક જગ્યાને બદલે બીજી જગ્યાએ જન્મ લેવો પડે છે. કોઈ વાર જીવ અમૂક પરિવારમાં જન્મ લેવાની ઈચ્છાથી ઘણા દિવસો સુધી રાહ જોઈ બેસી રહે છે, પરંતુ જો તેને યોગ્ય અવસર ન મળે, પરલોકનો નિયત સમય સમાપ્ત થવાનો હોય તો તેણે ખૂબ જ જલ્દી ક્યાંક જન્મ લેવાનો પ્રયત્ન કરવો પડે છે. 'જેમ ઘણા સમયનો મળ પેટમાં જામી ગયો હોય અને તેને નીકળવાનો સમય થઈ જાય અને એકદમ હાજત લાગે તો માણસ ગમે તે ઉચિત કે અનુચિત જગ્યા પર મળત્યાગ કરવા મજબૂર બને છે. તેવી રીતે જો નિયત સમય પૂરો થઈ રહ્યો હોય તો તે જલદીથી કોઈને કોઈ જગ્યાએ જન્મ લઈ લે છે. આવા પ્રસંગોએ તે મન ઈચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરી શકતો નથી.

ગર્ભનું શરીર અને તેના અવયવો પૂર્ણ રીતે જીવની ઈચ્છાથી બનતા નથી. માતા-પિતાના રજ, વીર્ય અને જીવની ઈચ્છા આ બધું મળીને નવીન શરીર બને છે. કુંભાર અને માટી આ બેમાંથી એક પણ જો દોષિત હશે તો ઈચ્છિત ફળ પ્રાપ્ત નહીં થાય. માતા-પિતાનાં રજ-વીર્ય માટી છે. અને જીવ કુંભાર. અણઘડ કુંભાર સારી માટીથી પણ ખરાબ વાસણ બનાવે છે અને એક સારા કુંભારનો પ્રયત્ન પણ ખરાબ માટીને લીધે બેકાર નીવડે છે. જીવ જો ઉત્તમ સંસ્કારોવાળો હોય તો રજ-વીર્યનો ભૌતિક સંસ્કારો પર પોતાનો ઉત્તમ પ્રભાવ પાડે છે અને કંઈ ને કંઈ સુધારો કરી લે છે. એનાથી વિરૂદ્ધ કુસંસ્કારી જીવ ઉત્તમ રજ-વીર્યમાં કોઈને કોઈ દોષ મેળવે છે. તેમ છતાં માતા-પિતાના સંસ્કાર પૂરેપૂરા નાબૂદ થતા નથી અને એમનો ખૂબ મોટો પ્રભાવ પડે છે. માતા-પિતાની

ભાવનાઓનો પ્રભાવ ગર્ભ પર પડે છે. જો જીવ ઉંચા દરજ્જાનો ન હોય તો તેણે એ શારીરિક સંસ્કારોના ક્ષેત્રમાં જ રહેવું પડે છે. એવું જોવામાં આવે છે કે વ્યભિચાર દ્વારા ઉત્પન્ન થયેલ સંતાન ઘણે અંશે દુષ્ટ હોય છે કારણે કે ગર્ભધાન સમયે માતા-પિતાનો અંતરાત્મા પાપ કર્મના કારણે બહુ જ વ્યથિત રહે છે અને આ સંસ્કાર ગર્ભ ઉપર ઉતરે છે.

કેટલાક જીવ કોઈ ખાસ દુષ્ટ આદતોમાં ખરાબ રીતે ફસાઈ જાય છે. તે જો ઈન્દ્રિયોનો વારેઘડિયે દુરુપયોગ કરે તો દરેક વાર તેમને નરક ભોગવું પડે છે, છતાં તે આદતથી એટલા બધા મજબૂર થઈ ગયા હોય છે કે સજા ભોગવીને એને ભૂલી જાય છે અને ફરીથી તે આદતોનું અનુસરણ કરવા લાગે છે. એવા જીવોને એ ઈન્દ્રિયો કેટલાક જન્મો સુધી છીનવી લેવાય છે. જેમ કોઈ પક્ષના નેતાને સભ્ય પદેથી પાંચ વર્ષ દૂર રાખવામાં આવે છે. અથવા બંદૂકનો દુરુપયોગ કરનાર પાસેથી સરકાર લાયસંસ જપ્ત કરી લે છે, તેમ અદૃશ્ય સત્તા એ જરૂર સમજે છે આની અમુક ઈન્દ્રિયોનો જપ્ત કરવામાં આવે, જેથી તે આદત આગળના જન્મમાં છૂટી જાય જેણે પોતાની એ ઈન્દ્રિયોનો અનુચિત રીતે ઉપયોગ કરવાની આદત પાડી હશે એ જન્મથી બહેરા, મૂંગા, આંધળા, અપંગ અને નપુંસક હોય છે તેમ છતાં આ ભોગ - યોનિ નથી, એમનો જીવાત્મા પણ જાગૃત  હોય છે અને તે ચાહે તો ઈચ્છાનુસાર અંધકારમાંથી પ્રકાશ તરફ ચાલવા સ્વતંત્ર છે. કેટલાક માણસો એટલા બધા દુષ્ટ હોય છે કે જીવનભર પોતાની બધી જ ઈન્દ્રિયોનો બસ દુરુપયોગ જ કરતા રહે છે એમને જડ યોનિમાં જવું પડે છે. વૃક્ષમાં જન્મ લેવો ભોગ યોનિ છે. એમાં જીવ તો રહે છે પણ ક્રિયાશીલ ચેતનાનો મોટાભાગ જપ્ત કરી લેવાય છે. આ ભોગ યોનિઓમાં જન્મ પ્રાપ્ત થવો એ પ્રભુની કૃપાનું ચિહ્ન છે. કેમ કે જડ યોનિ મળ્યા વિના પેલા દુષ્ટ સંસ્કારો ભૂલી જવા એ આ અજ્ઞાનીઓ માટે કઠણ છે. વૃક્ષાદિની યોનિઓમાં જીવ ત્યા સુધી પડી રહે છે કે જયાં સુધી તે પોતાની ખરાબ

આદતો ભૂલી ન જાય. હવે તેની ઉન્નતિનો ક્રમ અહીંથી શરૂ થાય છે.

વૃક્ષની પછી કીડી, મંકોડા અને પશુ-પક્ષીઓની યોનિઓ ધીરે ધીરે પાર કરતાં કરતાં ક્રમશઃ વધુ જ્ઞાનવાળી યોનિઓ તે અપનાવતો જાય છે. ડાર્વિનના એ સિદ્ધાંતને હું ખોટો નથી કહેતો તેમણે કહ્યું છે કે એક નાના કીડાથી વધતાં વધતાં જીવ પશુપક્ષીઓની યોનિ ધારણ કરતો કરતો મનુષ્ય બને છે. હિંદુ ધર્મ શાસ્ત્ર આ યોનિની સંખ્યા ચોર્યાશી લાખ માને છે. ભૌતિક વિજ્ઞાનીઓ એની સંખ્યા કરતા તેથી પણ વધુ બતાવે છે. તે જે હોય તે, પરંતુ એ તો નક્કી જ છે કે દુષ્કકર્મ કરનારા જડ યોનિમાં જન્મ લે છે અને ફરીથી ત્યાંથી ઉન્નતિ કરતાં કરતાં મનુષ્ય શરીર પ્રાપ્ત કરવામાં તેમને હજારો - લાખો શરીર બદલવાં પડે છે. જો કોઈ યોનિમાં ઉન્નતિ ક્રમ અટકી ગયો તો તે યોનિ એકથી વધુ વાર ધારણ કરવી પડે છે. જેમ કે નાપાસ થવાથી વિદ્યાર્થીને બીજા વર્ષે એ ધોરણમાં ભણવું પડે છે.

જડ યોનિઆયાં જવાની સજા મોટા ભાગે એવા જીવોને આપવામાં આવે છે, જે અત્યંત દુષ્ટ હોય છે અને પોતાનું પતન થાય એવાં જ કાર્યો કરતા રહે છે. સાધારણ પુણ્ય-પાપ કર્યા કરનારને બીજીવાર પણ મનુષ્ય જન્મ મળે છે. કેમ કે લાખો યોનિઓમાં ભ્રમણ કરીને એણે જે બધુ જ્ઞાન સંપાદન કર્યું છે તે એટલું બધુ ઉપેક્ષા પાત્ર નથી કે નાની સરખી વાત માટે એને ફરીથી પેલા કરોડો વર્ષો સુધી ભટકવા માટે એ ચક્કરમાં ફેંકી દેવાય. મનુષ્યોને વારંવારઘડીએ તક આપવામાં આવે છે કે તે પોતાના અંતિમ ઉદ્દેશ "પરમ પદ" મોક્ષને પ્રાપ્ત કરે.

## ભૂત-પ્રેત

ભૂત-પ્રેત કહેવાથી એવા અદૃશ્ય માણસોનો ખ્યાલ આવે છે, જેમનું સ્થૂળ શરીર મરી ચૂક્યું હોય છે. ખાસ કરીને લોકોની એવી સમજ હોય છે કે મર્યા પછી માણસ ભૂત બની જાય છે. આ વાત બધા મૃત્યુ

પામનારને લાગુ પડતી નથી. મોટા ભાગના મોક્ષ પામે છે, કેટલાક સ્વર્ગમાં જાય છે, તો કેટલાક વિશ્રામ- વિરામની મીઠી નિદ્રામાં પોઢી જાય છે. ખૂબ થોડાં પ્રાણી એવાં બાકી રહે છે જેમને ભૂત બનવું પડે છે. આર્ય ગ્રંથોમાં પ્રેત શબ્દ નિંદિત રૂપમાં સૂચવાયો છે. એને પાપયોનિ માનવામાં આવે છે. ત્રણ વાસનાઓમાં અતિરેકને લીધે જીવ પરલોક યાત્રાની સ્વાભાવિક શ્રેણી તોડી નાખે છે અને આગળ જવાને બદલે પાછો પડી જાય છે. સૂક્ષ્મ લોકમાં વિસામો લઈને કરેલાં કર્મોના ફળ ભોગવી નવો જન્મ લેવાને બદલે પાછો ચાલ્યો જાય છે પહેલાંના જીવનથી અથવા કોઈ પ્રિયજન પ્રત્યે વધુ મોહ-માયા હોવાથી અથવા કોઈ રાગ દ્વેષમાં આસક્તિ હોવાને લીધે મૃતાત્મા જ્યાં ને ત્યાં રોકાઈ જાય છે. એની આંતરિક સ્ફુરણા એને આગળ વધવા માટે પ્રેરે છે, જ્યારે પોતે કોઈનું સાંભળતો નથી અને ત્યાં જ વળગી રહે છે. જીવનભરનો થાક તથા કરેલ કર્મોનો ભાર આ બે કારણે તે ખૂબ જ બેચેન રહે છે. રાગ-દ્વેષની ઈચ્છાઓ અને શરીરનો લોભ આ બધું તેને કાંઈ ઓછું દુઃખ દેતાં નથી. વધુમાં સ્થૂળ લોકના વધુ સંપર્કના લીધે એની ઈન્દ્રિયોમાં પણ સ્થૂળતાનો ખાસ્સો એવો ભાગ આવી જાય છે. તેથી તે ભોગ્ય વસ્તુઓની પણ ઈચ્છા કરે છે. આ બધી વિષમ પરિસ્થિતિ ભેગી થઈને પ્રેતને ખૂબ જ બેચેન બનાવે છે. તેથી તે વ્યાકુળ, પીડિત, આતુર અને દુઃખી થઈને અહીં - તહીં ભ્રમણ કરીને સમય પસાર કરે છે.

એવી ઘટનાઓ આપણા સાંભળવામાં આવે છે કે અમુક જગ્યાએ ભૂત ડરાવે છે. સહાયતા કરવાને બદલે ભૂતોએ નુકસાન કર્યાના સમાચાર વધુ સાંભળવામાં આવે છે. એનાથી એમ પ્રતીત થાય છે કે ભૂતનો માનસિક ઉદ્વેગ વધુ રહે છે. ઈન્દ્રિય લોલુપતા અથવા મોહજાળના બંધનના કારણે તેઓ આ દુર્ગતિ પામે છે. જેમને સ્વાદિષ્ટ ભોજનનો ચટકો અને માદક દ્રવ્યોની આદત, નાચ ગાનનો વધુ શોખ, મૈથુન ઈચ્છા વધુ પ્રમાણમાં હોય છે અને જોઈ જીવિત અવસ્થામાં આ

બધી આદતોથી ઈન્દ્રિયોના ગુલામ બની ગયા હોય છે તેઓ લાચાર બનીને મૃત્યુ પછી પણ જ્યારે આ વાસનામાં વ્યસ્ત એવી કોઈ બીજી વ્યક્તિઓને જુએ છે ત્યારે પોતે વધુ ભડકી, તેમના માધ્યમ દ્વારા પોતાની તૃપ્તિ કરવા માટે તેમના ઉપર પોતાનો પ્રભાવ દાખવી એ લોકોની ઈન્દ્રિયો દ્વારા પોતે તૃપ્ત થવાની ચેષ્ટા કરે છે.

અગાઉ જણાવ્યા મુજબ ભૂતોની વાસનાઓ ખૂબ જ નીચલી કક્ષાની હોય છે. એટલે તેઓ વેશ્યાગૃહો, શરાબના અડ્ડાઓ અથવા આવાં જ ત્યાજ્ય સ્થાનો પર વધુ વિચરે છે. આ સ્થાનો સાથે સંબંધિત લોકોના શરીર ઉપર તેઓ (ભૂત) ગુપ્ત રૂપે પોતાનું અસ્તિત્વ સ્થાપે છે. જો કે માણસો આ ભૂતોને ઓળખી શકતા નથી, પણ અનુભવી તો શકે છે. ત્યજવા યોગ્ય સ્થાનોમાં જવાથી આ માણસોની વાસના એકદમ ઉત્તેજિત થાય છે.

ભૂત હોય છે ખરાં, પણ ખૂબ થોડી સંખ્યામાં હોય છે કેમ કે ભૂતયોનિએ અસ્વાભાવિક યોનિ છે. કારણ કે તે નક્કી કરેલ ક્રમ અનુસાર નહીં, પણ મૃતકના માનસિક વિભ્રમના કારણે મળે છે. ભૂત ક્યારેક પોતાનો થોડો ઘણો પરિચય પણ આપે છે, પણ મોટે ભાગે વસ્તીથી દૂર કોઈ એકાંત સ્થળોમાં પોતાની વેદના છુપાવી પડ્યાં રહે છે. વિક્ષેપ પામેલ હાલતમાં કોઈ કોલાહલ-ઘોંઘાટથી દૂર રહેવું તેઓ વધુ પસંદ કરે છે. પોતાને પરિચય આપવાની ઈચ્છા તો કોઈને ખાસ વિશેષ સ્થિતિને કારણે જ થાય છે.

તો ભૂતાવાળની આટલી બધી ચર્ચા સંભળાય છે તેનું શું ? આ પ્રસંગો એ ભ્રમ – વહેમનાં ભૂત હોય છે. એક જૂની કહેવત છે કે "શંકા ડાકણ અને મનસા ભૂત." જેમને ભય લાગે છે કે મારી પાછળ ભૂત પડ્યું છે તેમના માટે એક માટીનો ઘડો પણ ભૂત બની જાય છે. મનમાં ભૂતની કલ્પના જાગી કે બસ પેટમાં ફાળ પડે છે. સાંજે ભૂતની વાર્તા સાંભળી કે બસ રાત્રે સ્વપ્નમાં સ્મશાન આવી ચડે. એક વાર બે માણસો

વચ્ચે શરત થઈ કે રાત્રે બાર વાગે અમુક સ્મશાને ખીલો લગાવી આવે તો તેને રૂા. ૫૦ આપવા. તો તે માણસ રાત્રે સ્મશનમાં સૂઈ ગયો. અંધારી રાત હતી, ઉતાવળમાં પોતાના પહેરણનો છેડો ખીલો લગાવતાં અંદર આવી ગયો. જ્યારે તે ઉઠવા ગયો તે તેને એમ જ લાગ્યું કે ભૂતે અને પકડી લીધો છે. એણે ભયથી એક ચીસ પાડી અને બેભાન થઈને ત્યાં જ મરી ગયો. એજ પ્રમાણે અનેકવાર પોતાનો ભ્રમ જ ભૂતનું રૂપ ધારણ કરીને દુઃખ આપે છે. મનમાં મક્કમ થયા વિના આવાં ભૂતોથી છુટકારો મળતો નથી. જે અશિક્ષિત લોકોમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા ઘર કરી ચૂકી હોય છે, તેમનામાં ભ્રમનાં ભૂત વધુ આવે છે, પરંતુ ખાસ કરીને સુશિક્ષિત પરિવારોમાં આવાં ભૂતો જોવા મળતાં નથી.

મૃતાત્માઓ જ્યારે પ્રગટ થાય છે અને સ્વરૂપ બતાવે છે ત્યારે શરીર - નિર્માણની સામગ્રી એ વ્યક્તિઓમાંથી ખેંચે છે જેમને તેઓ દેખાય છે. પ્રેતોને સ્થૂળ પરમાણુ ખેંચી શકવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય છે. પ્રગટ થવાની જ્યારે ઈચ્છા થાય છે ત્યારે તેઓ સામાવાળાનાં શરીરમાંથી ખૂબ જ સામગ્રી ખેંચી પોતાનું રૂપ બનાવી લે છે. આવા સમયે ડોક્ટરી પરીક્ષણ કરતાં માલૂમ પડે છે. કે તેનું શરીર હલકું બને છે, તાપમાન અને વિદ્યુત પ્રવાહ ઘટી જાય છે, પાચન ક્રિયા અને લોહી ભ્રમણમાં મંદતા આવે છે. જે લોકોએ આ ક્ષતિ પૂરી કરવાનું ગૂઢ વિદ્યાથી જાણ્યું છે એમની વાત જુદી છે, પણ સામાન્ય માણસોને વારંવાર ભૂત દેખાય તે સારું નથી. એનાથી એમને એવા શારીરિક ઝટકા લાગે છે કે જે ખતરનાક સ્થિતિએ પહોંચાડે છે.

પરમાત્માની એક છૂપી અને મોટી કૃપા છે કે મરેલા અને જીવતા મનુષ્યોના મેળાપ વચ્ચે ભયની મોટી દિવાલ કરી છે. જો તે ન હોય તો મરેલી વ્યક્તિઓ પણ ઘરમાં એવી રીતે બેસી રહેતી હોત કે જેમ ઘરમાં ચકલી, ઉંદર, કીડીઓ અને માંકડ ભરાઈ રહે છે, આમ થાત તો મરેલાં અને જીવતાંનો વિકાસ રોકાઈ જાત અને મોહબંધનોમાં ફસાઈને ત્યાં

પડ્યા રહેત. પ્રભુની ઈચ્છા છે કે સાંસારિક જૂઠા સંબંધોના મોહપાશમાં ન બંધાવું અને પોતાનું કર્તવ્ય પાલન કરતાં-કરતાં નિરંતર ઉન્નતિના પથ પર આગળ પગલું ભરી શકાય છે. આપણે પાછળ નહીં, પણ આગળની બાજુ જ ચાલવું જોઈએ. ભૂતના પગ અવળા હોય છે. આ કહેવતનો અર્થ એ છે કે તે ભવિષ્ય માટે નવા સંબંધો સ્થાપવાના બદલે જૂના સંબંધીઓની મોહજાળમાં બંધાઈને પાછળની તરફ જાય છે. ક્યારેક માણસની શારીરિક વિદ્યુતના પરમાણુઓ પોતે જ એક સ્વતંત્ર પ્રતિમા બની જાય છે. તમે કોઈના ઘરમાં પેસતાં જ તેમાં રહેતા માણસોની સ્થિતિ જાણી શકો છો કારણ કે એ લોકોનું માનવીય તેજ એ વાતાવરણમાં વ્યાપેલું હોય છે. તમારાં મનઃચક્ષુઓ જાણી શકાય છે કે ત્યાં દરરોજ શું થાય છે. તે સ્થળે ભયંકર કાર્યો થયાં હોય ત્યાં ઘણાં લાંબા સમય સુધી એવું જ વાતાવરણ રહે છે. અગ્નિકાંડ, ગર્ભની હત્યા વગેરે એવાં કુકર્મો છે કે જેમના લીધે એ સ્થળની ઈંટો તથા પથ્થરો પણ મૂંગી વેદનાથી સિસકારા માર્યા કરે છે. જો કોઈ પ્રાણીને સતાવવામાં આવ્યું હોય તો તેની વેદના સાકાર રૂપ ધારણ કરે છે અને તે જાગૃત તથા સ્વપ્ન અવસ્થામાં ત્યાં રહેતા લોકોને ડરાવે છે. કેટલાંક મકાનોને ભૂતિયાં મકાન માનવામાં આવે છે. ત્યાં રહેનારાઓને ભૂત દેખાય છે. આવાં સ્થળોમાં કોઈના અત્યંત હર્ષ, દ્વેષ, ક્રોધ, દુઃખ યા મમતાની સાકાર પ્રતિમાઓ જ મોટે ભાગે જોવા મળે છે, કારણ કે વાસ્તવિક ભૂત તો કોલાહલથી ઘણે દૂર અને એકાંત સ્થાનોમાં જ રહેવાનું પસંદ કરે છે.

નાની શ્રેણીનાં ભૂત માત્ર માનસિક આઘાત પહોંચાડી શકે છે. તેઓ કોઈને ગભરાવી શકે છે યા માંદા પાડી શકે છે. નિર્બળ હોવાને લીધે તેઓ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી શકતાં નથી કે બીજા કોઈને વધારે નુકશાન પહોંચાડી શકતાં નથી. હા નાનાં, છોકરાં પર એમનો પ્રભાવ વધારે અસર કરે છે. એમનામાં ખરાબ વાસનાઓ વધારે હોવાને કારણે તેઓ બીજાઓનું ખરાબ જ કરી શકે છે. કોઈનું સારું કરી શકતા નથી.

મધ્યમ કક્ષાનાં ભૂત વધારે બળવાન હોય છે. તેઓ અનેક રૂપ ધારણ કરી શકે છે. વસ્તુઓને ઉઠાવીને અહીંથી ત્યાં મૂકી શકે છે. કોઈ માણસના શરીર પર અધિકાર જમાવીને તેની ઈન્દ્રિયો દ્વારા પોતાની ઈચ્છા પૂરી કરી શકે છે. એને ગાંડો યા બીમાર કરી શકે છે. ઉચ્ચ કક્ષાના વીર, બ્રહ્મ રાક્ષસ, વેતાળ, પિતૃ વગેરે થોડી ઘણી મદદ પણ કરી શકે છે. તેઓ નાના ભૂતોનો આતંક દૂર કરી શકે છે. વર્તમાન તથા ભૂતકાળની ગુપ્ત ઘટનાઓ બતાવી શકે છે. બહુ પૂછવાથી ભવિષ્યની બાબતમાં પણ થોડું ઘણું કહી શકે છે. પરંતુ એ વાતો ક્યારેક ખોટી પડે છે. ભૂત શાપ કે વરદાન આપી શકતું નથી કારણ કે એ માટે જે આધ્યાત્મિક શક્તિની જરૂર પડે છે તે એની પાસે હોતી નથી.

મનુષ્ય શરીરના એકએક કણમાં એક સ્વતંત્ર સૃષ્ટિ રચવાની શક્તિ ભરેલી છે. જો એ કણ ક્યારેક વિશેષ મનોબળ સાથે નીકળ્યા હોય અને પછી તે સ્થાન ખાલી પડ્યું હોય ત્યાં કોઈ અવરોધ ન હોવાને એ બીજ ત્યાં વધે છે અને પુષ્ટ થતાં રહે છે. હજારો વર્ષ જૂનાં ખંડેરોમાં કોઈક વાર ભૂત પ્રેતોનો અનુભવ થાય છે. કદાચ એવું બની શકે કે તે આત્માઓ અત્યાર સુધી અનેક જન્મ લઈ ચૂક્યાં હોય અને એમના પૂર્વજન્મના કણ ભાવનાઓ ચિત્રની જેમ અત્યાર સુધી જીવંત રહ્યા હોય. જો કે આવું ખાલી મકાનોમાં જ થાય છે કારણ કે ત્યાં એ પ્રાચીન કણોને સ્વતંત્ર વિકાસ કરવાનો કોઈ અવરોધ નડતો નથી. જ્યાં માણસો રહેતા હોય તેવાં સ્થળોએ એમની ગરમી પેલી પ્રાચીન પ્રતિમાઓને દૂર કરી દે છે યા તેમનો નાશ કરી નાખે છે.

કોઈક તેજસ્વી આત્માના શ્રાપ અને વરદાન એક સ્વતંત્ર સત્તા બની જાય છે અને તે પણ જીવિત મનુષ્યની જેમ લાભ કે નુકશાન પહોંચાડે છે. શંકર ભગવાનના ક્રોધોમાંથી વીરભદ્રોનું પ્રગટ થવું, ક્રોધ કરતા દુર્વાસાની જટામાંથી એક રાક્ષસીનું નીકળવું તથા અંબરીષની પાછળ દોડવું વગેરે માનસપુત્રો પણ મૂર્ત રૂપ ધારણ કરી શકે છે. કોઈની 'હાય'

પણ એવી સાકાર બની શકે છે. પિશાચની જેમ સતાવનારનું ગળું દબાવી દે. વરદાન આશીર્વાદ, શુભકામનાઓ વગેરે ભલે આપણને મૂર્ત રૂપે ન દેખાતી હોય, છતાં તે દેવોની જેમ સાથે રહી શકે છે અને દુઃખદ મુશ્કેલીઓમાંથી હાથ પકડીને આપણને બહાર ખેંચી કાઢે છે. કેટલાક કૂવામાં પડવા છતાં સાજાસમા બહાર નીકળે છે યા એવી જ બીજી કોઈ પ્રાણઘાતક ઘટનામાંથી બચી જાય છે. કદાચ એવું બની શકે કે કોઈ આશીર્વાદ એ વખતે આપણી ઉપર અદૃશ્ય કૃપા વરસાવી રહ્યો હોય. આ જ રીતે બીજાઓના સાર યા ખરાબ વિચાર પણ ભૂતોની જેમ પોતાના સાકાર યા નિરાકાર અસ્તિત્વનો પરિચય આપી શકે છે.

આમ અનેક જાતનાં ભૂત પિશાચ આ સંસારમાં મોજૂદ છે. આવી જ રીતે અદૃશ્ય લોકમાં પણ અનેક ચૈતન સત્તાઓ મોજૂદ છે. તે કોઈ કારણ વગર આપણી સાથે ટકરાતી નથી, પણ આપણા માનસિક વિકારો એ ભૂતોને પોતાની તરફ બોલાવે છે. ભય, ભ્રમ, શંકા, આત્મિક, નિર્બળતા, દુર્ગુણોનું બાહુલ્ય વગેરેના લીધે ભૂતોને પોતાનો અધિકાર જમાવવાની તક મળે છે.

જો તમારો આત્મા નિર્બળ ના હોય, આત્મા પાપોના કારણે ભયભીત ન બન્યો હોય તો એ ભૂતો તમારું કાંઈ જ બગાડી શકતાં નથી.

## મૃત્યુની તૈયારી

એ એક હકીકત છે કે જેનો જન્મ થયો છે તેણે મરવું જ પડે છે. આપણે પણ મૃત્યુની ગોદમાં જવાનું છે. એ મહાન યાત્રાની તૈયારી જો અત્યારથી જ કરવામાં આવે તો મરતી વખતે જે ભય અને દુઃખ થાય છે તે ન થાય. "મરવાની તો હજુ ઘણી વાર છે, ત્યારની વાત ત્યારે જોઈશું" આવું વિચારીને ઘણા એ મહત્ત્વ પૂર્ણ સમસ્યાને ટાળતા રહે છે અને તેથી અંતે તો એમના માટે બહુ દુઃખદાયક બને છે. મનુષ્યનું જીવન એક મહાન ઉદ્દેશ્ય માટે મળે છે. લાખો યોનિમાં ભટક્યા પછી આપણે

એ મેળવી શક્યા છીએ. આવા અમૂલ્ય રત્નનો સદુપયોગ કરવાને બદલે એને નકામું વેડફી નાખવું એનાથી વધારે મોટી મૂર્ખતા બીજી કોઈ હોઈ શકે ?

જીવનનો ઉદ્દેશ્ય મહાન છે કે આપણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરીએ, પરમપદને પ્રાપ્ત કરીએ, પરંતુ એવા કેટલા છે જે આ ઉદ્દેશ્ય તરફ ધ્યાન આપતા હોય ? કોઈ તૃષ્ણાઓમાં ફસાયેલા છે, કોઈ ઈન્દ્રિય ભોગમાં મસ્ત છે, કોઈ અહંકારમાં રાચે છે તો કોઈ ભ્રમજંજાળમાં સપડાયેલો છે. આમ તે કોઈને કોઈ વિટંબણામાં ગૂંચવાયેલો રહે છે. અને આ સોનેરી અવસર ખૂબ ઝડપથી તેમના હાથમાંથી સરકતો રહે છે. માથા ઉપર મોત ભમી રહ્યું છે, એક પળનોય ભરોસો નથી, કોણ જાણે કઈ ઘડીએ હંસલો ઉડી જાય. આજે તો કેવા કેવા મનસૂબા ઘડી રહ્યા છીએ, પણ એવું ય બની શકે કે એ બધા એમને એમ જ રહી જાય અને એકાએક આપણે કોઈ બીજા દેશમાં ડેરાતંબૂ નાખવા પડે. આવા વિષમ સમયમાં ગાફેલ રહેવું તે દુર્ભાગ્યની વાત છે. વાંચકો, અત્યાર સુધી ભૂલ કરી, પણ હવે તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. આંખો ખોલો, ભાનમાં આવો. જીવન શું છે ? આ પ્રશ્નોને તમારા ભોજન જેટલા મહત્ત્વના માનો. આ પ્રશ્નો પર સતત વિચાર કરવાથી આપ એ માર્ગે જઈ શકશો કે જેને મૃત્યુની તૈયારી કહે છે. કામ કાલે કરવાનું હોય એના પર આજે વિચાર કરવો પડશે. આપના મૃત્યુનો સમય નક્કી નથી. તેથી એની તૈયારી આજથી જ, આ ક્ષણથી જ શરૂ કરવી જોઈએ.

અનાસક્ત કર્મયોગના તત્ત્વજ્ઞાનને સમજીને તેને હૃદયંગમ કરવું તે મૃત્યુની સૌથી ઉત્તમ તૈયારી છે. આપણે તો માયાના જીવડા. રાત દિવસ એમાં જ તલ્લીન રહીએ છીએ. તેથી જ એ માયા આપણને બંધનમાં બાંધી રાખે છે. "હું કોણ છું" એ પુસ્તકમાં બતાવેલી સાધના આપ કર્યા કરો. મનમાં સતત એવી ધારણાને દૃઢ કરવાનો પ્રયત્ન કરો કે "હું અવિનાશી, નિર્વિકાર, સચ્ચિદાનંદ આત્મા છું. સંસાર એક ક્રીડાંગણ

છે, મારી સંપત્તિ નથી." આ વિશ્વાસ જેટલો દઢ થતો જશે એટલા જ જ્ઞાનરૂપી નેત્રો ખુલતાં જશે. સ્ત્રી, પુત્ર, કુટુંબ વગેરેનું પ્રેમપૂર્વક પાલન કરો. એમને પોતાની સંપત્તિ નહીં, પૂજા સામગ્રી માનો. કમાણી કરો, પરંતુ તે પણ કોઈ ચોક્કસ હેતુથી કરો. બીજા સંસારીઓની જેમ બધાં કાર્યો કરો, પરંતુ તમારો દૃષ્ટિકોણ જુદો રાખો.મનમાં એક વાત બરાબર ઠસાવી દેજો કે "સંસારની વસ્તુઓ એ તમારી વસ્તુઓ નથી. બીજા આત્માઓ તમારા ગુલામ નથી. કાં તો બધું તમારું છે અથવા તો કશું જ તમારું નથી. કાં તો 'હું' કહો અથવા 'તું' કહો. 'મારું' અને 'તારું' એક સાથે રહી શકે નહીં બસ, માયાની ગાંઠ આટલી જ છે. યોગનું બધું જ્ઞાન આ ગાંઠને ઉકેલવા માટે જ છે. આપણે પાપકર્મ એટલા માટે જ કરીએ છીએ કે આપણો 'અહંભાવ' ખૂબ જ સંકુચિત હોય છે. આપ આપની મહાનતાને વિસ્તૃત કરો. બીજાઓને પણ પોતાના જ માનો. કોઈ પારકું નથી, બધા પોતાના જ છે માતા જેમ પોતાના અબોધ બાળકને પોતાનું માને છે એવી જ રીતે તમારી પોતાપણાની ભાવના પણ ઉચ્ચ કક્ષાની હોવી જોઈએ. સંસારના સઘળા જીવોમાં પ્રભુનાં દર્શન કરો. એમની પૂજા માટે પોતાનું હૃદય બિછાવી દો. સ્ત્રીને દાસી નહિ, પણ એક એવી દેવી માનો જેવી મંદિરોમાં હોય છે, પુત્રને આપ ગણેશજી જેવો મહાન માનો. સાંસારિક વ્યવહાર પ્રમાણે એમના પ્રત્યેની સઘળી જવાબદારીઓ અદા કરો. સ્ત્રીની જરૂરિયાતો પૂરી કરો તથા પુત્રની શિક્ષા તથા દિક્ષા માટે મન દઈને પ્રયત્ન કરો, પરંતુ હોશિયાર ! ખબરદાર ! સાવધાન ! એમને તમારી સંપત્તિ ન માનશો, નહિ તો બૂરી રીતે મરશો. બહુ મોટો ધોખો ખાશો અને એવી મુસીબતમાં ફસાઈ જશો કે એમાંથી બહાર નીકળી શકશો નહિ. સંસારના બધાં જ દુઃખોનો બાપ છે - 'મોહ, જ્યારે આપ કહો છો કે મારી સંપત્તિ આટલી છે ત્યારે પ્રકૃતિ ગાલ પર તમાચો મારે છે અને કહે છે કે મૂર્ખ, તું ત્રણ દિવસથી આવીને એની પર અધિકાર જમાવે છે ? આ પ્રવાહ તો અનાદિ કાળથી

ચાલ્યો આવે છે. સોનું, ચાંદી વગેરે તારાં નથી, પ્રકૃતિનાં છે. જેને તું તારી પત્ની સમજે છે એ અનેકવાર તારી મા બની ચૂકી હશે. બધા આત્માઓ સ્વતંત્ર છે. કોઈ કોઈનું ગુલામ નથી. અજ્ઞાની મનુષ્ય કહે છે, "આ બધું મારું છે, એ તો હું મારી પાસે જ રાખીશ." તત્ત્વજ્ઞાનનો આત્મા બૂમ પાડી ઉઠે છે, "અજ્ઞાની બાળક ! વિશ્વનો કણેકણ જો, કેટલી ઝડપથી નાચી રહ્યો છે ! કોઈ વસ્તુ સ્થિર નથી. પાણી વહી રહ્યું છે, પવન વાઈ રહ્યો છે, પૃથ્વી દોડી રહી છે, તું એક તણખલા પર પણ અધિકાર જમાવી શકે એમ નથી. વહેતી નદીનો આનંદ જોવો હોય તો જો. એને રોકવાનો પ્રયત્ન કરીશ તો લાત મારીને એક બાજુ હડસેલી મૂકશે."

દુઃખ વિપત્તિ, વ્યથા અને પીડાનું કારણ અજ્ઞાન છે. મરતી વખતે દુઃખી થવાનું, નરકની આગમાં બળવાનું, પ્રેત યોનિમાં ભટકવાનું તથા જન્મમરણના ફંદામાં ફસાવાનું એક જ કારણ છે – અજ્ઞાન, ફક્ત અજ્ઞાન ! હે વાંચકો ! અંધકારમાંથી પ્રકાશ તરફ જાઓ, મૃત્યુમાંથી અમરત્વ તરફ ગતિ કરો. ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે. પ્રેમની ઉપાસના કરો. સ્વર્ગ પૈસાથી ખરીદી શકાતું નથી. ખુશામતથી મુક્તિ મળતી નથી. ધાર્મિક કર્મકાંડ આત્માનું કલ્યાણ કરી શકતાં નથી. બીજાની આશા રાખશો કે તમને કોઈ પાર ઉતારે કારણ કે બીજા કોઈનામાં એવી શક્તિ નથી. "ઉદ્ધરેત આત્મનાત્માનમ" આત્માનો આત્માથી જ ઉદ્ધાર કરો. પોતાનું કલ્યાણ તમે પોતે જ કરો. તમારા હૃદયને વિશાળ, ઉદાર, ઉચ્ચ અને મહાન બનાવી દો. તમારી ક્ષિતિજો ફેલાવીને બધાને આત્મદૃષ્ટિથી જુઓ. બધા જડ પદાર્થો પ્રકૃતિના છે. તમારા નથી. એમનો મોહ છોડો. તમારા અંતરાત્માને પ્રેમમાં તરબોળ કરી દો. એ પ્રેમનું અમૃત ભેદભાવ રાખ્યા વગર આખા સંસાર પર છાંટો. નિષ્ઠાપૂર્વક તામરું કર્તવ્ય નિભાવો. વ્યાવહારિક કાર્યોમાં સહેજ પણ ઢીલ ન રાખશો, આમ છતાંય 'કમલપત્રવત્' રહો. રાજા જનકની જેમ કર્મયોગી બનો.

અનાસક્ત રહો. બધાને આત્મીયતાની દૃષ્ટિથી જુઓ. પોતાની મહાનતાનો અનુભવ કરો. અને ગર્વપૂર્વક માથું ઊંચું રાખીને કહો - 'સોઽહમ્' - તે હું છું.

આત્મજ્ઞાન દ્વારા આપ પરલોકને પૂર્ણ આનંદમય બનાવી શકો છો. પછી મૃત્યુ તમને દુઃખ દઈ શકશે નહિ. તે માત્ર તમને એક ખેલ જેવું લાગશે. આપ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકશો તથા મહાન ઉદ્દેશ્યને પામી શકશો. મૃત્યુની તૈયારી માટે આત્માના વિશુદ્ધ સ્વરૂપનું ચિંતન શરૂ કરી દેવું જોઈએ. તમારી મહાનતાનું જ્ઞાન થતાં જ મોહમાયાનાં બધાં જ બંધનો તૂટી જશે અને આનંદ દાયક દૃષ્ટિ પ્રાપ્ત થઈ જશે. તમારા તુચ્છ અને સ્વાર્થયુક્ત વિચારો છોડીને તમારા મહાન આત્માના દરવાજે જઈને સિંહ જેવી ગર્જના કરો - 'સોઽહમ્' તે હું છું.

## ભૂતપ્રેત નિવારણ

સામાન્ય કક્ષાનું કે નીચ કોટિનું જીવન જીવનારી લોકો જો લાલસા, પીડા તથા મોહગ્રસ્ત અવસ્થામાં મૃત્યુ પામે તો તેઓ ઘણીવાર પ્રેત યોનિમાં જાય છે, તે આ પહેલાં જણાવી દેવામાં આવ્યું છે. આ યોનિમાં આત્માની કોઈ વિશેષ ઉન્નતિ થતી નથી. અતૃપ્તિ, દ્વેષ, બળાપો વગેરેના કારણે તેઓ બીજાઓની કષ્ટ આપાવનો, ડરાવવાનો કે નુકશાન પહોંચાડવાનો પ્રયત્ન કર્યા કરે છે. એમાં કેટલાંક એવા હોય છે જે મોહગ્રસ્ત રહેવાને કારણે પ્રેત થયાં હોય છે અને પોતાનાં પ્રિયજનો સાથે રહેવા ઈચ્છતાં હોય છે. તેઓ કશું નુકશાન કરતાં નથી, પરંતુ પોતાની વાસનાઓ તૃપ્ત કરવા માટે કંઈ ને કંઈ યાચના કરતાં રહે છે. માણસોની જેમ એમને સ્થૂળ શરીર નથી હોતું તથા એમને અન્નજળની જરૂર પણ પડતી નથી. વાયુરૂપ એ સૂક્ષ્મસ્વરૂપથી અન્નજળ જેવી સ્થૂળ ચીજો ખાઈ પણ શકતાં નથી. આમ છતાં એમની વાસનાઓ જાગૃત રહે છે અને તેઓ પૂર્વજન્મોમાં ભોગવેલા ઈન્દ્રિય ભોગ ભોગવવા ઈચ્છે છે.

તમે જોયું હશે કે મરણ પથારીએ પડેલા કેટલાક રોગીઓ જાત જાતનું સ્વાદિષ્ટ ભોજન માગે છે, પરંતુ જયારે એમને તે વસ્તુ આપવામાં આવે છે ત્યારે ૧૦ ગ્રામ કરતા વધારે ખાઈ શકતા નથી. પ્રેતોની પણ લગભગ આવી જ દશા થાય છે. તેઓ મનુષ્ય શરીરમાં ભોગવેલા ભોગ ભોગવવા ઈચ્છે છે. પરંતુ તેઓ જે શરીરમાં હોય છે તેના દ્વારા એ ભોગવવા શક્ય હોતા નથી. વૃક્ષની શરીરમાં જે આત્મા છે તે પશુ શરીરના ભોગ ભોગવી શકતો નથી અને વૃક્ષના ભોગ પશુ ભોગવી શકતું નથી. દરેક શરીરની સ્વાદેન્દ્રિયો જુદા જુદા પ્રકારની હોય છે. આથી પ્રેત ગમે તેટલી ઈચ્છા હોવા છતાં મનુષ્ય શરીરના સ્વાદ ચાખી શકતું નથી. આ અસમર્થતાના કારણે તેઓ વધારે અશાંત રહે છે, અને એ ઉકળાટ તેમની નિકટની વ્યક્તિઓ પર કાઢે છે અને એમને દુ:ખ દે છે.

હા, ક્યારેક કોઈ વૃદ્ધ એમાં અપવાદ રૂપ બનતા જોવા મળે છે. મૃત્યુ વખતે તેઓ પરિપક્વ અને સમજદાર બની ગયા હોય છે. બાળકો તરફ એમને મમતા, સ્નેહ, સહાયતા તથા ક્ષમાનો ભાવ હોય છે. એમની ઈન્દ્રિયો પણ મોટે ભાગે તૃપ્ત થયેલી હોય છે. આવાં પ્રેત જે ઘરમાં રહે છે એ ઘરના લોકોને મદદ કરે છે, આપત્તિઓથી સાવધાન કરે છે અને કષ્ટો દૂર કરવામાં એમનાથી થઈ શકે એટલી મદદ કરે છે. સંબંધીઓને નુકશાન થાય એવું કાર્ય તેઓ જાણી બૂઝીને કરતાં નથી.

મનની એક વૃત્તિ એવી હોય છે કે પોતે જ ઈચ્છા પૂરી ન શકે તે બીજા પાસે પૂર્ણ કરાવીને પોતે તૃપ્તીનો આનંદ અનુભવે છે. માણસ મોટો થઈ ગયા પછી લોકલાજના કારણે રમકડાં લાવે છે અને તેનાથી બાળકોને રમતાં જોઈને પોતે તૃપ્તિ અનુભવે છે. આ જ રીતે પ્રેત પોતાની વાસના તૃપ્ત કરવા માટે બીજાઓને ભોજન કરાવવાનો આદેશ આપે છે અને એમની તૃપ્તિથી પોતે પણ સંતોષ અનુભવે છે. ઘણીવાર એવું જોવા મળે છે કે પ્રેત અમુક બ્રાહ્મણ યા અન્ય વ્યક્તિને અમુક ભોજન કરાવવાની

માગણી કરે છે એનું એ જ કારણ છે. એના બતાવ્યા પ્રમાણે ભોજન કરવવામાં આવતાં એણે બતાવેલા વ્યક્તિઓને તૃપ્તિ મળે છે. આ જોઈને એને સંતોષ થાય છે તથા એની ઉદ્વિગ્નતા ઓછી થઈ જાય છે.

ભૂતપ્રેતની કક્ષાઓનું વિભાજન આ પ્રમાણે કરી શકાય : (૧) કાલ્પનિક ભૂત - એમને મનુષ્ય પોતાના ભય, શંકા, વિશ્વાસ તથા સંકલ્પ દ્વારા પોતે જ ઉત્પન્ન કરે છે. (૨) રોગનું ભૂત (૩) મર્યા પછી સૂક્ષ્મ રૂપે જીવતા માણસોનાં શરીર વિદ્યુતના પરમાણુ કે જે ફરીથી જાગૃત થઈને પોતાની એક સ્વતંત્ર સત્તા બનાવી લે છે. (૪) ઈન્દ્રિય ભોગોની અતૃપ્ત લાલસા, વાસના તથા પ્રેત (૫) પોતાના વૈભવ, સ્થાન, કુટુંબ યા મિત્રોમાં આસક્ત (૬) તાંત્રિક સાધના દ્વારા સિદ્ધ કરેલી સંકલ્પ પ્રતિમાઓ (૭) જીવન મુક્ત આત્માઓ કે જે સત્કર્મો માટે પ્રેરણા આપે છે તથા એમાં મદદ કરે છે. આ સાત શ્રેણીઓમાં બધા પ્રકારનાં ભૂતપ્રેત આવી જાય છે. આમાં શરૂઆતનાં પાંચ પ્રકારનાં પ્રેતો દ્વારા લાભ તથા નુકશાન બંને થઈ શકે છે, છઠ્ઠી તથા સાતમી શ્રેણીના પ્રેતો ફક્ત લાભ જ કરાવે છે. હવે એમના અસ્તિત્વ સંબંધી થોડોક પરિચય મેળવીએ તથા એમનાથી છુટકારો મેળવવાના ઉપાયો વિશે પણ જાણીએ. (૧) કાલ્પનિક ભૂત ભયનું મૂર્ત સ્વરૂપ છે. ભય અને શંકા જ્યારે દૃઢ થઈને વિશ્વાસનું રૂપ ધારણ કરી લે છે ત્યારે એમની આકૃતિ દેખાય છે. હિપ્નોટિઝમ દ્વારા તંદ્રામાં આવી ગયેલી વ્યક્તિને ખરેખર જેનું અસ્તિત્વ ના હોય એવી વસ્તુઓ દેખાવા માંડે છે. લાકડાને માણસ અને માણસને લાકડું સમજવાનો ભ્રમ ઉભો થાય છે. ભયના કારણે બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે અને શંકાની છાયાનો ઈન્દ્રિયો અનુભવ કરવા લાગે છે. આંખો જુએ છે કે સામે ભૂત ઉભું છે, કાન સાંભળે છે કે તે અમુક વાત કહી રહ્યું છે યા અવાજ કરી રહ્યું છે. ત્વચા એવું અનુભવે છે કે પકડી રહ્યું છે અથવા આપણને અડકી રહ્યું છે કે આપણી અંદર પ્રવેશી રહ્યું છે આવો અનુભવ એને સાચે જ લાગે છે. સત્ય અસત્યનો નિર્ણય

બુદ્ધિ અને ચેતના દ્વારા થાય છે. તે જ્યારે દુઃખી અવસ્થામાં હોય છે. ત્યારે જે અનુભવ થાય તે સાચો જ લાગે. કાલ્પનિક ભૂતોની પીડાથી જે પીડાતો હોય તેને સહેજ પણ એવું નથી લાગતું કે હું ભ્રમિત અવસ્થામાં છું. તે પોતાના અનુભવને બિલકુલ સાચો જ માને છે. જ્યારે એના ભય તથા શંકાને જાગૃત થવાનો અવસર મળે ત્યારે ભૂત પ્રત્યક્ષ થાય છે અને જાત જાતનો ઉત્પાત મચાવે છે.

(૨) મગજને લગતી કોઈ ખરાબી થવાથી પાગલપણું ઉન્માદ વગેરે રોગ થાય છે. એના કારણે માણસની ચેષ્ટાઓ,આકૃતિ, ટેવો, વાણી તથા વર્તન વિચિત્ર પ્રકારનાં થઈ જાય છે. તે ઠેકાણા વગરની વાતો કરે છે. તથા વિચિત્ર પ્રકારનું વર્તન કરે છે. આયુર્વેદમાં શાસ્ત્રોમાં ઉન્માદ રોગની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે. એમાં ભૂત પિશાચ વગેરેના ઉન્માદોને રોગની શ્રેણીમાં ગણવામાં આવ્યા છે. કોઈ અતૃપ્ત ઈચ્છા ગુપ્ત મનમાં દબાયેલી રહે તો તેને સમય મળતાં મૂર્છા, વાઈ વગેરેનાં સ્વરૂપે જાગૃત થાય છે. કોઈ માણસ એવી સ્થિતિમાં જીવી રહ્યો હોય કે જે એને પસંદ ન હોય. પરંતુ એમાંથી છૂટવાનો એને અવસર મળતો ન હોય એવી મૂંઝવણભરી સ્થિતિમાં જીવી રહ્યો હોય કે જે એને પસંદ ન હોય. પરંતુ એમાંથી છૂટવાનો એને અવસર મળતો ન હોય એવી મૂઝવણભરી સ્થિતિના કારણે મગજના જ્ઞાનતંતુઓ ખૂબ ઉત્તેજિત થઈ જાય છે ત્યારે ભૂતના વળગાડ જેવી સ્થિતિ થઈ જાય છે. ઘણીવાર એવું જોવા મળે છે કે નવી પરણેલી કન્યાઓ સાસરીમાં જાય છે, પરંતુ ત્યાંનુ વાતાવરણ એમને પસંદ આવતું નથી. એ પરિસ્થિતિમાં લાચારી તથા ક્ષોભ એમના માનસિક તંતુઓ પર ઘાતક અસર પહોંચાડે છે. આથી એમનામાં ભૂતના વળગાડ જેવાં લક્ષણો જોવા મળે છે. મનુષ્ય પોતાની તરફ બીજાઓનું ધ્યાન આકર્ષવાની એક વૃત્તિ જોવા મળે છે. એનાથી પ્રેરાઈને કેટલાક લોકો ભૂત વળગવાનો ખોટો ઢોંગ કરે છે. આ પણ એક પ્રકારની માનસિક નબળાઈ છે. અપ્રસન્ન અને અસતુંષ્ટ લોકો પોતાના

ઘરવાળાંને હેરાન કરવા તથા એમની પાસે પૈસા ખર્ચાવીને એમને નુકશાનમાં ઉતારવા ભૂત વળગ્યું હોવાનો ઢોંગ કરે છે. ચાલાક નોકર, બદમાસ પાડોશી, ઠગ, ભૂવો વગેરેનાં કરતૂતો પણ ભૂતના ઉત્પાત જેવો આડંબર ઉભો કરે છે. આ સામાજિક રોગ છે.

(૩) ખેતરમાં પહેલાં અનાજ વાવ્યું હોય તેના છોડ પણ બીજા પાક વખતે ઉગી નીકળે છે. એનું કારણ છે કે અગાઉના પાક વખતે જે દાણા ખેતરમાં પડ્યા તે નષ્ટ થયા ન હોય તેથી ઉગી નીકળ્યા. એ જ રીતે કોઈ મકાનમાં કોઈ હલકા કે સારા સ્વભાવનો માણસ રહ્યો હોય અથવા કોઈ અસામાન્ય ઘટના બની ગઈ હોય તો સંબંધીઓના સૂક્ષ્મ શરીરના કેટલાક પરમાણુ એમાં વિશેષ રૂપે ચોંટી જાય છે. આ પરમાણુ અનુકૂળ પરિસ્થિત મળતાં પરિપુષ્ટ બને છે અને એક અદૃશ્ય વ્યક્તિ જેની સ્વતંત્ર સત્તા બની જાય છે.

એક ઘરમાં લાંબા સમય સુધી એક વેશ્યા રહી હોય પછી તે જતી રહી. જે-મકાન થોડા વખત પછી એત સદાચારી ભદ્ર પુરુષ રહેવા આવ્યો તે બહુ સંયમી, બ્રહ્મચારી તથા સારા વિચારવાળો હતો, પરંતુ જ્યારથી તે એ મકાનમાં રહેવા આવ્યો ત્યારથી એને દરરોજ સ્વપ્નદોષ થવા લાગ્યો. સ્વપ્નમાં એને એક સુંદર સ્ત્રી દેખાતી હતી અને એની કુચેષ્ટાઓથી એને આવું થતું હતું. એક દિવસ તે બજારમાં જઈ રહ્યો હતો ત્યારે એણે જોયું કે સાક્ષાત એ જ સ્ત્રી વેશ્યાગૃહ પર બેઠી હતી કે જેવી એને રાત્રે દેખાતી હતી. તેઓ દ્વિધામાં મૂકાઈ ગયા કે ખરેખર હકીકત શું છે. તે ગભરાતાં ગભરતાં મારી પાસે આવ્યો અને આખી ઘટના મને કહી સંભળાવી. તપાસ કરતાં ખબર પડી કે વેશ્યા એ જ મકાનમાં રહેતી હતી. મેં એ ભદ્ર પુરુષને જણાવ્યું કે વેશ્યાના કેટલાક

વિદ્યુતકણ એ મકાનમાં ટકી રહ્યા છે અને પરિસ્થિતિના કારણે એમણે પોતાની સ્વતંત્ર સત્તા કાયમ કરી દીધી છે. તેઓ એક રીતે એ જીવિત વ્યક્તિનું પ્રેત બની ગયા છે. તે જ આ રીતે કામ કરે છે. તેથી તમે એ મકાન ખાલી કરી નાખો. એ ભાઈ બીજા મકાનમાં રહેવા ગયા. ત્યાર પછી એમને કદી સ્વપ્ન દોષ થયો નહિ કે પેલી સ્ત્રી પણ દેખાઈ નહિ.

ઐતહાસિક સ્થળો યા તીર્થ સ્થળોમાં ક્યારેક ત્યાં રહેતા પ્રાચીન પુરુષોની ઝલક જોવા મળે છે. વૃંદાવનના સેવાકુંજમાં ક્યારેક ક્યારેક શ્રીકૃષ્ણની અસ્પષ્ટ ઝાંખી લોકોને થઈ છે. કેટલાકે રાસલીલા થતી જોઈ છે. આવાં દશ્યોનું કારણ એ છે કે ઉચ્ચ આત્માઓનું તેજ પ્રચંડ હોય છે. એ તેજના વિદ્યુત કણ હજારો વર્ષો સુધી ત્યાં ટકી રહે છે અને અમુક અમુક સમયે એમનું મૂર્તરૂપ જોવા મળે છે. કુરુક્ષેત્ર, ઈન્દ્રપ્રસ્થ જેવા ઐતહાસિક સ્થળોમાં કેટલાકને મહાભારત કાળના પુરુષોની ઝાંખી થઈ છે. તીર્થોના વાતાવરણમાં એક એવી વિશેષતા હોય છે કે ત્યાં જે પ્રખ્યાત મનસ્વી મહાપુરુષો થઈ ગયા હોય એમનો પ્રભાવ હોઈને કોઈને કોઈ સ્વરૂપે મોજૂદ રહે છે અને તે અનુકૂળ મનોભૂમિવાળા લોકોને વિશેષ રૂપે પ્રભાવિત કરે છે.

એ સ્પષ્ટ છે કે જ્યાં મનુષ્ય શરીરનો કંઈક અસામાન્ય ઉપયોગ થયો હોય ત્યાં ભૂતપ્રેત જેવી ગરબડો વધારે જોવા મળે છે. સ્મશાન, કબસ્તાન, ફાંસીઘર વગેરે સ્થળોનું વાતાવરણ ખૂબ આતંકિત રહે છે. આ સ્થાનોમાં શરીરોનો અસામાન્ય ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે એ શરીરોનાં કેટલાક પરમાણુ ત્યાં રહી જાય છે અને અમુક સમયે પોતાનું અસ્તિત્વ પ્રગટ કરે છે. એ સ્થળોની નજીક જનારને ભય તથા આતંક પેદા કરનારા અનેક પ્રકારના અનુભવો થાય છે. જે ઘરોમાં આ ભયંકરતાઓના મૂળમાં એવા પરમાણુ છે કે જે ભૂતપૂર્વ વ્યક્તિઓના શરીરોમાંથી અસામાન્ય પ્રતિક્રિયા દ્વારા નીકળ્યા હતા. તે આત્માઓ

ભલે બીજે જન્મી ચૂક્યા હોય યા તો જીવતા હોય, ગમે તે સ્થિતિ હોય, પરંતુ એમના સૂક્ષ્મ શરીરમાંથી નીકળેલાં એ પ્રેત સ્વતંત્ર રૂપે ઘણા લાંબા સમય સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે, તથા એમનો પરિચય આપતાં રહે છે. પરમાણુ પ્રેતો દ્વારા પણ બીજાં વિસ્મયજનક ભયંકર કાર્યો થઈ શકે છે.

(૪) ઈન્દ્રિય ભોગોથી અતૃપ્ત વાસનામય પ્રેત પોતાનાં પ્રિયજનો પરખાસ કરીને પોતાનો આતંક ફેલાવે છે. એનું કારણ એ છે કે એમની સાથે પહેલેથી જ એનો પરિચય હોય છે. પોતાના અગાઉના અનુભવના આધારે તે વિચારે છે તે એમના દ્વારા જ એની ઈચ્છાઓ પૂરી થઈ શકશે. આવાં પ્રેતોને ખાવા-પીવાની વસ્તુઓની ઈચ્છા વધારે રહે છે. કોઈ પોતાના માટે ચબૂતરો, વૃક્ષ વગેરે રહેવા યોગ્ય સ્થાન ઈચ્છે છે તો કોઈને દાન-પુણ્ય, તીર્થયાત્રા, દેવદર્શન વગેરે શુભકાર્યોની રુચી હોય છે. કોઈ પોતાની આજ્ઞાનું પાલન કરાવીને પોતાનો અહંકાર સંતોષવા ચાહતાં હોય છે. તેમની જે ઈચ્છા હોય તે પૂરી કરાવવા માટે તેઓ ઉપદ્રવ કરતાં રહે છે. જ્યારે તેમની ઈચ્છા પૂરી થઈ જાય છે ત્યારે તેઓ સંતુષ્ટ થઈ જાય છે. એમનાં નિવાસસ્થાનોને અપવિત્ર કરનારા તથા ત્યાં વિઘ્ન ઉભું કરનારા લોકો જ મોટે ભાગે એમના ક્રોધનો ભોગ બને છે. બપોરે કે મધરાતેએમનો ઉચ્ચાટ વધે છે. તે વખતે તેમની નજીક રહેલી વ્યક્તિ પર પાછલા જન્મનો બદલો લેવા માટે આવું કરતાં હોય છે.

(૫) પોતાન પ્રિયજનો પ્રત્યે અત્યંત મોહ રાખનારા માણસો મૃત્યુ પામ્યા પછી પોતાની પ્રબળ મોહ ભાવનાના કારણે પ્રેત યોનિમાં જાય છે અને પોતાના એ જ ઘરની આસપાસ ફરતા રહે છે. પોતાનાં બાળબચ્ચાંને હસતાં રમતાં જોઈને પ્રસન્ન થાય છે. વૃદ્ધો મોટેભાગે આ વર્ગમાં આવે છે. આવાં પ્રેત કોઈને હાનિ પહોંચાડતાં નથી, ઉલટું યથાસમયે કુટુંબીઓની આવનારી આપત્તિઓમાંથી સાવધાન કરે છે. વિપત્તિ દૂર કરવામાં મદદ કરતાં રહે છે. એમને પિતૃ કહે છે.

જેઓ યુવાવસ્થામાં મૃત્યુ પામે છે અને જેમની લાલસાઓ અત્યંત તીવ્ર તથા સ્વાર્થયુક્ત હોય છે, તેઓ પોતાનાં પ્રિયજનોને પોતાના જેવી પ્રેત અવસ્થામાં લઈ જવાની ઈચ્છા રાખે છે અને તે જ ભાવનાથી તેઓ પોતાનાં પ્રિયજનોને મારી નાખવાનું પણ આયોજન કરે છે. જે યુવાન સ્ત્રીઓ પોતાનાં નાનાં બાળકોને અનાથ મૂકીને મરી જાય છે તેઓ આવાં કાર્યો કરે છે. પોતાનાં બાળબચ્ચાંને પોતાની પાસે રાખવા માટેની એમની મોહમયી લાલસા એમની પાસે આવાં કાર્યો કરાવે છે.

(૬) તાંત્રિક સાધનાઓ દ્વારા છાયાપુરુષ, ભૈરવ, વૈતાળ, પીર, જિન, પિશાચીની વગેરેને સાધવામાં આવે છે. તથા તેમને વશમાં કરવામાં આવે છે. એમની મદદથી અમુક વસ્તુઓ પ્રાપ્ત કરી શકાય છે, અમુક કાર્યો પૂરાં કરાવી શકાય છે. આ સંકલ્પ પ્રતિમાઓ સેવકની જેમ કામ કરે છે. જે ભૂત, પિશાચ, દેવ વગેરેને આ રીતે વશીભૂત, કરવામાં આવે છે તેઓ સાધકની પોતાની માનસિક તથા શારીરિક શક્તિઓના મંથનથી પેદા થયેલાં એક પ્રકારનાં અદૃશ્ય પ્રાણીઓ હોય છે. શારીરિક - વિદ્યુતના પરમાણુ અવસર પ્રાપ્ત કરીને પોતે એક સ્વતંત્ર એકમ બની જાય છે, પરંતુ આ દેવદાનવ તાંત્રિક વિધિ દ્વારા પોતાની સૂક્ષ્મ શક્તિઓનું મંથન કરીને પોતે જ ઉત્પન્ન કરે છે. આ રીતે તેઓ સાધકના પોતાના જ "માનસપુત્રો" હોય છે, પરંતુ લાગે છે એવું કે પહેલેથી જ એમની કોઈ સ્વતંત્ર સત્તા હતી. ખરેખર પહેલેથી એમની કોઈ સ્વતંત્ર સત્તા હોતી નથી. સાધક પોતે જ એમને ઉત્પન્ન કરે છે. એની સાધના તથા શ્રદ્ધા જેટલી દૃઢ હોય છે એટલી જ પ્રબળ શક્તિ આવી કોઈ પ્રતિમાને વશમાં કરી લે તો તેની કાર્ય શક્તિ સાવ તુચ્છ હોય છે. એનો સાધેલો દેવ યા દાનવ પણ મજબૂત અને સશક્ત હોય છે. એકની આવી સિદ્ધિ પ્રતિમા બીજી પ્રતિમા સાથે લડી પણ શકે છે અને જે બળવાન હોય છે તે બીજાને હરાવીને પોતાનું કામ પુરું કરે છે. મરણ વગેરેની ભયંકર ક્રિયાઓ આ સંકલ્પપુત્રો દ્વારા કરાવવામાં આવે છે.

(૭) જીવનમુક્ત આત્માઓ વિશે આ અગાઉ સ્વતંત્ર રૂપે ઘણું કહેવાઈ ગયું છે. આવા આત્માઓ મનુષ્યોને હંમેશાં સારા માર્ગે ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. શુભકર્મ કરનારાઓ ઉપર પ્રસન્ન રહે છે. પોતાની સ્વાભાવિક ઉદારતાના કારણે લોકોને ઉન્નતિનાં કાર્યોમાં મદદ કરતા રહે છે. એમના દ્વારા સમાજનું હિત થાય છે, અહિત નહિ. અંતરિક્ષમાં આવા અનેક સંત મહાત્માઓનાં તથા મહાપુરુષોનાં શરીરો ઊડ્યા કરે છે અને યથાસમયે મનુષ્યોને સત્કર્મોમાં મદદ કરતા રહે છે.

ઉપરના સાત પ્રકારનાં પ્રેતોનો પરિચય મેળવ્યા પછી વાંચકો એવા નિર્ણય પર પહોંચ્યા હશે કે જીવનમુક્ત આત્માઓને બાદ કરતાં છ પ્રકારનાં પ્રેત દ્વારા કંઈક લાભ મળતો હોય તો એ માટે કોઈને કોઈ પ્રકારની ચિંતા નથી. પરંતુ જ્યારે એમના દ્વારા કોઈને ક્ષતિ પહોંચતી હોય ત્યારે જ ચિંતા થાય છે. જો પ્રેતો દ્વારા કોઈને કંઈક નુકશાન થતું હોય તો તેના નિવારણ માટે આપણને ચિંતા થાય છે.

હવે જાણવાનું છે કે પ્રેતોના ઉત્પાતમાંથી કઈ રીતે પોતાનો બચાવ કરી શકાય. જો કે આવા ઉત્પાત બહુ ઓછા થાય છે. છતાં પણ જેને એના ભોગ બનવું પડે છે એમના ભય, કષ્ટ અને દુઃખનો કોઈ પાર રહેતો નથી. અનુભવથી જણાયું છે કે ભૂતપ્રેતના જેટલા ઉત્પાત હોય છે એમાંના બે ભાગના (બેતૃતીયાંશ) ભય અને કલ્પનાથી પેદા થયેલાં ભૂતોથી થાય છે. પોતાની માનસિક નિર્બળતાના કારણે લોકો શંકા અને ભયની મૂર્તિમંત પ્રતિમા તૈયાર કરી લે છે અને એનાથી ગભરાય છે. અજ્ઞાન, કુસંસ્કાર,આત્મિક નિર્બળતા અને અંધવિશ્વાસના કારણે માનસિક ભૂત પેદા થાય છે અને એમને ગભરાવે છે. જો સાહસ અને આત્મવિશ્વાસ હોય તો ભય પમાડનાર વાતની ગંભીરતાપૂર્વક તપાસ કરવાની ટેવ પાડવી જોઈએ. એમ કરવાથી આ કાલ્પનિક ભૂતોનું

અસ્તિત્વ નષ્ટ થઈ જાય છે. ઉંદરના ખખડાટને લોકો ભૂત માને છે, અંધારામાં ઝાડી પણ ભૂત જેવી લાગે છે, રાતે જંગલમાં આગિયા ઉડતા જોવા મળે તો મશાલ સળગાવીને ભૂતોની જાન નીકળી હોય એવું માનવામાં આવે છે. જો વાંદરાએ ઘરમાં ઈંટાળા કે પથ્થર નાખ્યા હોય તો એને પણ ભૂતનું કારસ્તાન માનવામાં આવે છે. કોઈ ધૂર્ત એવો ખેલ કરે તો સ્વાભાવિક રીતે એને ભૂતની માયા માનવામાં આવે છે. આવી ઘટનાઓથી ગંભીરતાપૂર્વક તપાસ કરવામાં આવે તો સાચી વાતની ખબર પડે છે તથા એવા ભ્રમમાંથી સહજ રીતે છૂટકારો મળે છે.

આવા ખોટા ભ્રમ વિરૂદ્ધ એક જોરદાર આંદોલન કરવામાં આવે અને લોકોના મનમાંથી અંધશ્રદ્ધા દૂર કરવામાં આવે તો બે તૃતીયાંશ તકલીફો દૂર થઈ જાય. બાકી રહેલી ત્રીજા ભાગની તકલીફોમાંથી અડધી મનુષ્યના શરીરમાંથી નીકળેલા વિદ્યુત પરમાણુઓની સ્વતંત્ર સત્તાની હોય છે. એમનો પ્રભાવ અમુક વિશેષ સ્થાનમાં જ હોય છે. એક નક્કી વિસ્તારમાં જ તે પોતાનો પ્રભાવ બતાવી શકે છે. અને એ પણ ત્યારે જ કે જ્યારે કોઈ એકલો માણસ ત્યાં એકાંતમાં રહે. વધારે માણસોની હાજરીમાં એમની શક્તિ નિર્બળ થઈ જાય છે. આ પરમાણુઓની પ્રતિમાઓમાં ખૂબ ઓછી શક્તિ હોય છે. પોતાનું સ્વરૂપ દેખાડી દેવું, સ્વપ્ન તથા તંદ્રાવસ્થામાં પડેલી વ્યક્તિને પોતાનો પરિચય આપવો, અવાજ કરવો યા દૃશ્ય બતાવું વગેરે કાર્યો દ્વારા એમનું અસ્તિત્વ જોવા મળે છે. જો એમનાથી ગભરાઈ જઈને કોઈ પોતે જ નુકશાન પહોંચાડે. લગભગ પંદરથી વીસ ટકા ઘટનાઓ જ આવી પ્રતિમાઓ દ્વાર થતી જોવા મળી છે.

જે ઘરોમાં આવી ઘટનાઓ જોવા મળે એમને સારી રીતે છાણથી

લીપવા જોઈએ યા ફિનાઈલ વગેરેથી સાફ કરવાં જોઈએ. ઘરમાં લીમડાના પાનનો ધુમાડો કરીને બારીબારણાં બંધ કરી દેવાં જોઈએ. આમ કરવાથી લીમડાના પાનનો ધુમાડો ઘરમાં ભરાઈ જાય. એના સિવાય હવન, યજ્ઞ વગેરેના પણ સારો પ્રભાવ પડે છે. આ સિવાય યજ્ઞ જેવી વિધિ પણ અસરકારક છે. જાગરણ. ધાર્મિક ગીતો, સંકીર્તન, શંખનાદ વગેરે દ્વારા આ અણુમૂર્તિઓને દૂર કરવામાં મદદ મળે છે.

પ્રેતોન્માદના માનસિક રોગીની ચિકિત્સા શરૂ કરતી વખતે રોગીને બળ તથા વીર્યવર્ધક ભોજન આપવું જોઈએ. બ્રાહ્મી, શતાવરી, આંબળાં, સાલમ, ગોરખમૂંડી, શંખપુષ્પી, વજ વગેરે ઔષધિનું સેવન કરાવવું જોઈએ. બ્રાહ્મી તથા આંબળાનું તેલ માથા તથા શરીરે ઘસવાથી પણ મદદ મળે છે. જ્યાં રોગીને ઉચ્ચાટ થતો હોય ત્યાંથી એને થોડા દિવસ માટે બીજા કોઈ સારા અને ઈચ્છિત સ્થળે લઈ જવો જોઈએ. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી એને સંતુષ્ટ અને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવો. માનસિક શકિત વધારનારી ચીજોનું સેવન કરાવવાથી આવી રોગીઓને ઘણો આરામ થાય છે.

જેને એવો અહેસાસ થઈ ગયો હોય કે મને કોઈ બળવાન ભૂતે પકડી રાખ્યો છે અને હવે મારાથી કંઈ થઈ શકતું નથી, આવા નિર્બળ સ્વભાવવાળા લોકોની સામે કંઈક એવો આડંબર કરવો પડે છે કે જેનાથી એમને વિશ્વાસ બેસી જાય તે તેમની ઉપર જે ભૂત સવાર થઈ ગયું હતું તેને કાઢી મૂકવામાં આવ્યું છે. અહીં કાંટાથી કાંટો કાઢવાની તથા ઝેરના મારણ માટે ઝેરની નીતિથી કામ લેવું પડે છે એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. જેના અંતર્મનમાં એવો પાકો વિશ્વાસ થઈ ગયો હોય કે મારમાં ભૂત પેસી ગયું છે એને માત્ર તને કશુ થયું નથી. આ તો માત્ર

તારી ખોટી કલ્પના અને માનસિક નિર્બળતા છે એવું કહેવાથી એનો ભ્રમ દૂર થઈ જતો નથી. રોગી એ વાત માનવા તૈયાર થતો નથી. એને આવી વાત ઉપર વિશ્વાસ આવતો નથી. દરેક વ્યક્તિની માનસિક સ્થિતિ જુદી જુદી હોય છે. જે લોકો પોતાના વિશ્વાસના આધારે ભૂતથી પીડાય છે, એમનામાં ભાવુકતાની માત્રા વધારે હોય છે. આવા લોકો નાટકીય રીતે કંઈક અદ્‌ભુત, વિચિત્ર અને આતંક પેદા કરનારી પદ્ધતિથી સારા કરી શકાય છે.

યુરોપીય પદ્ધતિ પ્રમાણએ 'પ્લેનચિટ' 'ઓટોમેટિક રાઈટિંગ' કરવાની પદ્ધતિનો આપણા દેશમાં પણ પ્રચાર થઈ ગયો છે. પહેલાં આપણે પણ એને સાચી માનતા હતા. પરંતુ નવા અનુભવો પરથી એવું લાગે છે કે તે પોતાની જ માનસિક શક્તિઓનો એક ખેલ છે. આવા ઉપાયો દ્વારા કોઈ મૃતાત્માનો સંદેશો આવે તે ખૂબ શંકાજનક છે. તેથી હું મારા વાચકોને આવાં સાધનોનો પ્રયોગ કરવાની સલાહ આપી શકતો નથી. ભૂતપ્રેતોની બાબતમાં આપણે બહુ રસ લેવો તે યોગ્ય પણ નથી. હા, કોઈને અનાયાસ ભૂતપ્રેતના શિકાર બનવું પડે તો એમાંથી છુટકારો મેળવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

## આધ્યાત્મ વિજ્ઞાનની અદ્દભુત પત્રિકાઓ

(૧) અખંડ જ્યોતિ (માસિક) : આ એક એવું માસિક છે કે જેમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન જેવા કઠિન વિષયોને તર્ક, પ્રમાણ, વિજ્ઞાન અને બુદ્ધિયુક્ત પૂરાવાઓ સાથે સરળ, સુંદર અને બુદ્ધિગમ્ય શૈલીમાં રજૂ કરવામાં આવે છે. ૫૨ વર્ષથી સતત પ્રસિદ્ધ થઈ રહી છે. કરોડો વ્યક્તિઓને પ્રકાશ આપનારી ઉચ્ચસ્તરીય સામગ્રી રજૂ થાય છે. તેની પાન સંખ્યા ૫૬ અને આકર્ષક મુખપૃષ્ઠ છે. વાર્ષિક લવાજમ માત્ર રુપિયા૧૦૮અને આજીવન માત્ર રુપિયા ૨૦૦૦. સરનામું : અખંડ જ્યોતિ સંસ્થાન, ઘીયામંડી, મથુરા.

(૧) યુગ શક્તિ ગાયત્રી (માસિક) : આ એક એવું માસિક છે કે જેમાં મહાવિજ્ઞાનનું તત્ત્વજ્ઞાન, રહસ્ય, પ્રયોગ અને પરિણામો પર ઋષિ પરંપરાઓ અને સાધનાત્મક અનુભવોનો નિચોડ રજૂ થાય છે. ગાયત્રી મહાશક્તિ દ્વારા વેદમાતા, વિશ્વમાતાના રુપમાં નવનિર્માણ માટે સંપન્ન થનાર ભૂમિકા પર તાત્વિક પ્રકાશ આપનાર અધ્યાત્મ ક્ષેત્રની સૌથી વધુ લોકપ્રિય પત્રિકા છે. ગુજરાતી ઉડિયા ભાષામાં એક સાથે પ્રકાશન થાય છે. વાર્ષિક લવાજમ રુપિયા ૮૫ આજીવન રુપિયા ૧૮૦૦

(૩) યુગ નિમાર્ણ યોજના (માસિક) : વ્યક્તિ, પરિવાર અને સામાજિક જીવનની સુખ-સમૃદ્ધિ, પ્રગિત, પ્રસન્નતા, શાંતિ અને સ્વર્ગીય પરિસ્થિતઓના અવતરણનું માર્ગદર્શન આપનાર માસિક પત્રિકા છે જેણે છેલ્લા ૩૨ વર્ષોમાં લાખો લોકોને આગળ વધાર્યા છે. શિક્ષણમાં કથા શૈલી સામયિક પરિસ્થિતિઓની ગંભીર મીમાંસા અને વ્યવહારિક સમાધાન રજૂ કરે છે. સુંદરતા, શ્રેષ્ઠતા અને સસ્તાપણું આગવા ઉદ્દેશ્યો છે. વાર્ષિક લવાજમ રુપિયા ૫૪ આજીવન લવાજમ રુપિયા - રૂા. ૧૦૦૦।


સંપર્ક સૂત્ર (૧) યુગ નિર્માણ યોજના
મથુરા - ૨૮૧૦૦૩
ટે.નં. : (૦૫૬૫) : ૨૫૩૦૧૨૮,

(૨) ગાયત્રી જ્ઞાનપીઠ,
પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ - ૩૮૦૦૧૩.
ટે.નં. : (૦૭૯) ૭૫૫૭૨૫૨



મુદ્રક-યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા